Published on 10th of every month

# ગ્રામસ્વરાજ

અંક : ૮ • વર્ષ : ૭૯ • ૧૦ નવેમ્બર, ૨૦૨૫

કિંમત ₹ ૭ • વાર્ષિક લવાજમ : ₹ ૮૦

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38, 2024-2026 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-2026 valid upto 31-12-2026

## 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમ

## “આત્મનિર્ભર ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે”



અંક–૮ ● વર્ષ : ૭૯
૧૦ નવેમ્બર, ૨૦૨૫

તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી

**સંપાદક મંડળ**

* ઘનશ્યામભાઈ એચ. અમીન
* ભીખાભાઈ ઝ. પટેલ

* વાર્ષિક લવાજમ : રૂા. ૮૦
* છૂટક નકલ : રૂા. ૭

પત્રવ્યવહારનું અને લવાજમ
મોકલવાનું સરનામું :

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ**

સહયોગ, જ્યોતિસંઘની પાછળ, રીલીફ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૧

* ટે.નં. ૨૫૩૫૨૨૨૦ (૧૮૩) ગ્રામ : સહયોગ
* ફેક્સ નં. : (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
* website : www.gujaratscu.com
* E-mail : sahakarguj1850@gmail.com

## અનુક્રમણિકા

અનિંદ્રા અને અનિંદ્રામય જીવન
– શ્રી નવીન વી. વાછાણી ૩

સહકારી મોડેલ પર આધારિત ટેક્સી સેવા
– શ્રીમતી સેફાલી સૌમિલ મોદી ૬

ગામના દૂધ ઉત્પાદનની વાર્ષિક આવક રૂ.૩૦ કરોડ !!
– શ્રી અભય રાવલ ૧૧

ગુજરાતમાં સહકાર અને મહિલા સશક્તીકરણ: શ્વેત ક્રાંતિથી આત્મનિર્ભરતા સુધીની ગૌરવવંતી ગાથા
– ડૉ. ચેતનાબેન પ્રતાપસિંહ ઝાલા ૧૪

નેપાળ સ્થિત – શ્રી પશુપાતિનાથ – યાત્રાધામ – ભ્રમણ
– શ્રી વિનોદ એમ. મકવાણા ૨૦

પ્રાણાયામ કરવામાં રાખવાની કાળજી અને સાવધાની
– શ્રી કિરણ ચાંપાનેરી ૨૩

માઇક્રોગ્રીન્સનો અભિગમ (Concept of Microgreens)
– ડૉ. ફાલ્ગુની આર. પટેલ ૨૬

પ્રાકૃતિક ખેતી
– શ્રી રાજેશ્રીબા ડી. ઝાલા ૨૯

ભારતમાં દર વર્ષે ૧.૫૨ લાખ કરોડના ૨૦૦ લાખ ટન શાક ફળોનો બગાડ ૩૩

## ગ્રામસ્વરાજ

* દર મહિનાની દસમી તારીખે પ્રગટ થાય છે.
* નવું વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૮૦ છે.
* છૂટક નકલ રૂા. ૭–૦૦ ગમે તે અંકથી ગ્રાહક થઈ શકે છે. ● લેખમાં પ્રગટ થતાં વિચારો લેખકના છે. પ્રકાશિત થતાં લેખો સાથે તંત્રી કે સંપાદક મંડળ સંમત છે, તેવું માનવું નહીં.
* ગુજરાત રાજ્યની સહકારી મંડળીઓના કાયદા કલમ ૬૯ અનુસાર ગુજરાત રાજ્ય સહકારી સંઘના શિક્ષણ ફાળામાં નિયમિત ફાળો ભરનાર સહકારી સંસ્થાને વિના લવાજમે 'ગ્રામસ્વરાજ' મોકલવામાં આવે છે.
* 'ગ્રામસ્વરાજ' માસિક તથા 'સહકાર' પાક્ષિકનું સંયુક્ત લવાજમ રૂા. ૧૫૦.૦૦ છે.
* રાજ્ય સહકારી સંઘના સભાસદોને "ગ્રામસ્વરાજ" તથા 'સહકાર' વિના લવાજમે મોકલવામાં આવે છે.

મનન

# અનિંદ્રા અને અનિંદ્રામય જીવન

આપણે આપણી જિંદગીનો ત્રીજો ભાગ ઊંઘવામાં વિતાવીએ છીએ. વ્યક્તિ જ્યારે આખો દિવસ શારીરિક અને માનસિક પરિશ્રમ પ્રમાણિકતાથી કરે છે ત્યારે તે સારી ઊંઘ લઇ શકે છે. એટલે કે સારી ઊંઘનો ઉપાય પરિશ્રમ, પ્રમાણિકતા અને થાક છે. મનુષ્યના જીવનમાં ઊંઘનું મહત્વ હવા, પાણી અને ખોરાક જેટલું જ છે. ઊંઘ અને આરામ બંને જીવનની મહત્વની જરૂરિયાતો છે. આમ છતાં ઘણા લોકો ઊંઘ સાથે ખિલવાડ કરતા હોય છે, તેની અગત્યને અવગણતા હોય છે. તેઓ રાત્રે સમયસર ઊંઘ કરતા નથી ને મોડે સુધી જાગતા રહે છે. પછી તેમને ઊંઘ આવતી નથી ને તેઓ ધીમે ધીમે અનિંદ્રાનો ભોગ બની જાય છે.

આજકાલ અનિંદ્રા એટલે કે ઊંઘ ન આવવાની બિમારી સામાન્ય થઈ ગઈ છે. ઊંઘની સમસ્યા ફક્ત યુવાનો અને વૃદ્ધોને જ નહિ, પરંતુ બાળકોને પણ થઈ રહી છે આપણી જીવનશૈલી જ ઊંઘ ન આવવા માટે કારણભૂત બની રહી છે. અનિંદ્રાનો રોગ એક મહામારીની જેમ ફેલાતો જઇ રહ્યો છે. આ સમસ્યા પુરુષો કરતા મહિલામાં બમણી હોય છે. વિશ્વમાં અડધા ભાગનો વસ્તી અનિંદ્રાથી પિડાય છે. આજે માણસ અત્યંત વ્યસ્ત જીવન જીવે છે. તેના હવા, પાણી અને અને ખોરાકમાં અશુધ્ધતા આવી ગઇ છે. શારીરિકશ્રમ ઓછો થઇ ગયો છે. તેની જીવનશૈલી બધી રીતે વિકૃત થઇ ગઇ છે. અને વિષાદ તથા તણાવ વધી રહ્યા છે. આ બધાના પરિણામે આજે અનિંદ્રાનો રોગ અત્યંત વ્યાપક બની ગયો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને અનિંદ્રાને એક બહુ મોટો અને વ્યાપક રોગ જાહેર કરવો પડ્યો છે. તંદુરસ્ત રહેવા માટે મનુષ્યને આઠ કલાક ઊંઘ જરૂરી છે. જો વ્યક્તિ છ કલાકથી ઓછી ઊંઘ લે તો તેની કાર્યક્ષમતામાં ૫૦% જેટલો ઘટાડો થાય છે. તે થાકવા લાગે છે. તેની રોગ પ્રતિકારક શક્તિ ઘટે છે. તેને ડાયાબિટીશ, કેન્સર, હાર્ટએટેક, અલ્ઝાઈમર (વિસ્મૃતી રોગ)ની બિમારી થઈ જાય છે. ભૂખ લાગતી નથી. પૂરતી ઊંઘ ન મળે તો વાહન

**નવીન વી. વાછાણી**
૩૦૧-સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટ,
આસ્થા રેસિ. પાછળ, મવડી, રાજકોટ-૪,
મો. ૯૯૭૯૪૬૯૯૧૭

મનુષ્યને સારા આરોગ્યમય જીવન માટે સમયસર આઠ કલાક ઊંઘ જરૂરી છે. આટલી ઊંઘ લેવી જોઈએ. પણ ઘણા મનુષ્યો રાત્રે મોડે સુધી જાગતા રહીને સવારે સૂર્યોદય થઇ ગયા પછી પણ બપોર સુધી ઊંઘતા રહેવા હોય છે. તેઓ ઊંઘણશી કહેવાય. તેઓ જાગતા હોવા છતાં ઊંઘતા રહે છે; ને ઊઠતા નથી. આવી વ્યક્તિનું જીવન નિંદ્રામય જીવન કહેવાય. તેમનું જીવન આળસુ હોય છે. આપણા ધર્મશાસ્ત્રો મુજલ સૂર્યોદય થતા પહેલા વહેલા ઉઠનારનું જીવન સુખ અને સમૃદ્ધિમય બને છે. તેને વેપાર-ધંધામાં સારી કમાણી થાય છે. તે સારું આરોગ્ય જાળવી શકે છે. કહેવત છે ને કે, "રાતે વહેલા જે સૂએ, વહેલા ઉઠે વીર બળ, બુદ્ધિ અને ધન વધે સુખમાં રહે શરીર" નિંદ્રામય જીવન જીવનાર સૂર્યવંશી માનવનો ઉઠવાનો સમય નક્કી ન હોય. સવારના નવ કે દસ વાગ્યે ઉઠનાર વ્યક્તિ નિત્યકર્મ પરવારી ફ્રી થાય ત્યાં તો અડધો દિવસ પૂર્ણ થઈ જાય. પછી તે શું કામ કરી શકે ? શું મેળવી શકે ? વધુ પડતી ઊંઘ જીવનવિકાસ માટે અવરોધક બની રહે છે. કુંભકર્ણે ઈન્દ્રાસનના બદલે નિંદ્રાસન મેળવી શો ફાયદો કર્યો હતો ? તે સૌ જાણે છે.

ચલાવવામાં અકસ્માતની સંભાવના વધે છે જે જે પ્રાણઘાતક બની રહે છે. અનિંદ્રાના મુખ્ય કારણો તણાવ બેચેની, અવસાદ, ચિંતા, વ્યસન અને અનિયમિતતા છે.

જીવનમાં પ્રત્યેક દિવસ પૂરતી ઊંઘ જરૂરી છે. પરંતુ ઓછું સૂવું કે વધારે સૂવુંએ બંને નુકસાનકારક છે. પ્રમાણસરની ઊંઘ મનુષ્ય જીવનમાં સંતુલન લાવે છે. અનિંદ્રા રોગથી બચવાનો સર્વોત્તમ ઉપાય છે. કૂટેવો છોડવી અને જીવનમાં નિયમિતતા અપનાવવી. રાત્રે મોડે સુધી ટીવી, ફોન, મોબાઇલ, કમ્પ્યુટર, લેપટોપ વગેરેનો ઉપયોગ કરવાનું ટાળવું જોઇએ. આ સાધનોના પ્રકાશની ખરાબ અસર આપણા મગજ પર થાય છે. એના લીધે સૂઈ જવા છતા ઊંઘ આવતી નથી. નશાકારક વ્યસનોથી દૂર રહેવું જોઈએ. સાદો સાત્વિક આહાર લેવો જોઈએ અને ગાઢ ઊંઘ આવે તેટલો શારીરિકશ્રમ પણ કરવો જોઈએ. સારા વાંચનથી પણ સારી ઊંઘ આવે છે. દયા, દાન, સેવા જેવા ભલાઈના કાર્યો કરવાથી પણ સારી ઊંઘ આવે છે. પ્રાણીને નવ મહિના ગર્ભમાં રાખીને કુદરત આપણને સંદેશ આપે છે. કે ઊંઘવાની ક્રિયાને દરરોજ રાત્રે ચાલુ રાખવી જોઈએ. જો ગાઢ ઊંઘ મળશે તો જ સ્વસ્થ જીવન જીવી શકાશે.

માનવ જીવનમાં ત્રણ-ચાર દસકા કમાવા માટે હોય છે, કંઈક પ્રાપ્ત કરવા માટે હોય છે ઘણી વક્તિ એમાં શું ? જોયું જશે, જે થવું હશે તે ભલે થાય એવા શબ્દોની કમજોર માયાઝાળમાં ગૂંચવાય જાય છે. નિંદ્રાધીન માણસ તેના આળસુપણાના કારણે ઘણુંબધું ગુમાવી દેતા હોય છે. નિંદ્રામય જીવન શિક્ષણકાર્યથી માંડી અર્થોપાજન અને જીવન વિકાસગતિ ઘટાડે છે. નિંદ્રાની ઝપેટમાં એકવાર આવી ગયા પછી વ્યક્તિ વધુને વધુ તેના બાહુમાં જકડાતો જાય છે. કહેવત છે ને કે, ‘‘સૂતેલાનું નશીબ સૂતેલું રહે છે અને જાગતાનું નશીબ જાગતું રહે છે.’’ આળસ એ જીવતા મનુષ્યની કબર છે. એટલે મનુષ્યે પાણી પહેલા પાળ બાંધી નિંદ્રાધીન જીવન ત્યાગવું ફાયદાકારક હોય છે.

તન-મનના આરોગ્ય માટે માનવજીવનમાં છથી આઠ કલાકની ઊંઘ પૂરતી હોય છે. બિમારી સમયે વધુ ઊંઘે અનેક રોગોને અને કુટેવોને મિત્ર બનાવીને ખેંચી લાવે છે. છેવટે માનવીના તન અને મન નિર્બળ બને છે. ખોટા વિચારો આવે, દિવા સ્વપ્નો ઘર કરે, યાદશક્તિ નબળી પડે, આળસ વધે, કાર્યક્ષમતા ઘટે, તણાવ વધે. મેળવવા કરતા જીવનમાં ઘણુંબધું ગુમાવવાનું થતું જાય છે. એટલે સમયસર સાવધાન બની વધુ પડતી ઊંઘને ખંખેરી નાખતા મનુષ્ય જાગૃત જીવન જીવતો થઈ શકે છે. જાગૃત વ્યક્તિની ઊંઘ પ્રમાણસરની હોય છે. તેઓ સવારે વહેલા ઊઠી તેના ફરજકાર્યો સમયસર નિષ્ઠાથી બજાવી શકતા હોય છે. તેને કોઈ કાર્ય માટે ટેન્શન રહેતું નથી. તે આરોગ્ય અને આર્થિક રીતે સમૃધ્ધ થતા રહે છે. એટલે વ્યક્તિએ સવારમાં સમયસર વહેલા ઊઠી તન-મન જાગૃત કરી જીવનવિકાસમાં આગળ વધતા રહેવું જોઈએ. આ માટે મનને મક્કમ બનાવવું જોઈએ. કોઈકે કહ્યું છે તેમ, : ‘‘કદમ અસ્થિર હોય તેને કદી રસ્તો જડતો નતી, અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી.’’ અટલે અડગ મનનો જાગૃત માણસ જાગૃત જીવન જીવી સદાય સમૃદ્ધ થતો રહે છે. જીવન તો પાણીનો એક પરપોટો છે. જાગૃત બનીએ, સમય ઓછો છે. ક્યારે વૃદ્ધાવસ્થા કે જીવનનું અંતિમ સ્ટેશન આવી જાય તેનો કોઈ ભરોસો નથી. માટે નિંદ્રામય જીવન ત્યાગી જાગૃત જીવન જીવતા રહીએ. સુખ, શાંતિ અને સમૃધ્ધિને પામતા રહીએ.

‘‘ઈશ્વરની અજાયબી તો જૂઓ ! જેને ઊંઘવું છે તેને ઊંઘ નથી, જેને જાગવાની જરૂર છે તેઓ ઊંઘતા રહે છે. — અજ્ઞાત

સાંપ્રત

# સહકારી મોડેલ પર આધારિત ટેક્સી સેવા

વર્ષ ૨૦૨૫ સહકાર સે સમૃદ્ધિને સાકાર કરતું મહત્વ પૂર્ણ વર્ષ રહેલ છે, સાથે સાથે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની વિશ્વભરમાં ખૂબ મોટા પાયે ઉજવણી પણ થઈ રહી છે. હાલમાં જ ત્રિભુવન સહકારી યુનિવર્સિટીની સ્થાપના સંસદીય પ્રક્રિયા દ્વારા કરવામાં આવી છે, જેમાં ''ત્રિભુવન સહકારી યુનિવર્સિટી બિલ, ૨૦૨૫'' પસાર કરવામાં આવ્યું હતું, ગ્રામીણ વ્યવસ્થાપન સંસ્થા આણંદ (IRMA) ને નવી યુનિવર્સિટીમાં રૂપાંતરિત કરવા ફેબ્રૂઆરી-૨૦૨૫માં બિલ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું, અને એપ્રિલ- ૨૦૨૫માં ગેઝેટ સૂચના સાથે અમલમાં આવ્યું હતું અને તે મુજબ તા.૬/૪/૨૦૨૫ના રોજ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. જે વિશ્વસ્તરીય શિક્ષણ અને કૌશલ્ય વિકાસ દ્વારા સહકારી સંસ્થાઓને કોર્પોરેટ સંસ્થાઓ સાથે સ્પર્ધા કરવા સક્ષમ બનાવશે, સ્વરોજગારને પ્રોત્સાહન આપીને અને નાના ઉદ્યોગોને ટેકો આપીને, આ પહેલ ગ્રામીણ આર્થિક વિકાસને નોંધપાત્ર રીતે વેગવંતી બનાવશે.

**સેફાલી સૌમિલ મોદી**
મદદ. મહિલા સહકારી શિક્ષણ અધિકારી,
ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ

આ અગાઉ કેન્દ્રિય મંત્રાલયની શરૂઆત થતાં રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થાઓ જેમકે ઉચ્ચ ગુણવત્તાવાળા બીજનું ઉત્પાદન, વિતરણ અને માર્કેટિંગ માટે ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL)ની, ઓર્ગેનિક ઉત્પાદનોના બ્રાન્ડિંગ અને માર્કેટિંગ માટે નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ (NCOL) અને નિકાસ માટેના સહકારી સંગઠનોને મદદ માટે નેશનલ કો-ઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (NCEL) ની રચના કરવા આવી છે.

**ટૂંક સમયમાં શરૂ થનાર સહકારી મોડેલ પર આધારિત ટેક્સી સેવા :**

નજીકના ભવિષ્યમાં સહકારી ટેક્સી સેવા શરૂ થનાર છે, જેમાં ટુ વ્હીલર, ટેક્સી, રિક્ષા અને ફોર વ્હીલરનું રજિસ્ટ્રેશન શક્ય બનશે અને તેનો નફો સીધો ડ્રાઈવરને મળશે. ''સહકાર સે સમૃદ્ધિ''ના સિદ્ધાંતો આધારિત, ટેક્સી-સેવા સહકારી મંડળીની રચના ઇચ્છુક ટેક્સી ડ્રાઈવરો દ્વારા કરવામાં આવશે અને મેનેજમેન્ટ આવી સોસાયટીના સભ્યો પાસે રહેશે. આ પહેલનો ઉદ્દેશ તમામ સભ્યોની સક્રિય ભાગીદારી દ્વારા લોકશાહી

વ્યવસ્થાપનને સુનિશ્ચિત કરવાનો અને આવી સહકારી ટેક્સી સોસાયટી દ્વારા કમાયેલો મહત્તમ નફો ટેક્સી ડ્રાઈવરો (કે જેઓ સોસાયટીના મેમ્બર હશે)માં સમાનરૂપે વહેંચવામાં આવે તે સુનિશ્ચિત કરવાનો છે, આ પ્રકારની પહેલ એકંદરે સમૃદ્ધિ તરફ દોરી જશે અને ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવાની સાથે-સાથે આવા ટેક્સી ડ્રાઈવરો/સહકારી મંડળીના સભ્યોની આવક, કામકાજની સ્થિતિ અને જીવનધોરણમાં સુધારો કરશે. સહકારી ક્ષેત્રની આ સંસ્થા સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડે (બ્રાન્ડ નામઃ ભારત ટેક્સી), ન્યૂ દિલ્હી સ્થિત છે, આ એક અગ્રણી સહકાર-સંચાલિત રાષ્ટ્રીય રાઈડ-હેલિંગ પહેલ છે.

- સહકાર ટેક્સી કો-ઓપરેટિવ લિમિટેડ મલ્ટી-સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ હેઠળ નોંધાયેલ છે, તે પબ્લિક પરિવહન અને કામદારોમાં સશક્તીકરણ ક્ષેત્રે એક વળાંક લાવે તેવી સંભાવના છે. શરૂઆતમાં, સહકાર ટેક્સી દિલ્હી, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં સેવા આપશે, અને કામગીરી પરિપક્વ થતાં સમગ્ર ભારતમાં સેવાઓ શરૂ કરવાની યોજના છે.
- આ સહકારી સંસ્થા ૩૦૦ કરોડની અધિકૃત શેર મૂડી સાથે સ્થાપિત કરવામાં આવી છે. જેમાંથી, આઠ પ્રમોટિંગ સંસ્થાઓ ૮૦ કરોડ માટે પહેલાંથી જ કટિબદ્ધ થયેલ છે .
- ભારત ટેક્સીને NCDC, IFFCO, AMUL, KRIBHCO, NAFED, NABARD, NDDB અને NCEL સહિતની અગ્રણી સહકારી અને નાણાકીય સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ પ્લેટફોર્મ સહકારી ચળવળની ભાવનાને મૂર્તિમંત કરે છે જ્યારે સર્વસમાવેશક, નાગરિક-કેન્દ્રિત અને ટેકનોલોજી-સક્ષમ જાહેર સેવાઓ પ્રદાન કરવાના સરકારશ્રીના મુખ્ય ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમના વિઝન સાથે સુસંગત છે.
- હાલમાં જ AMUL(GCMMF)ના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાને સર્વાનુમતે ચેરમેન તરીકે ચૂંટવામાં આવેલ છે.
- ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY), હેઠળનું ડિજિટલ ઇન્ડિયા કોર્પોરેશનના નેશનલ ઇ-ગવર્નન્સ ડિવિઝને (NeGD) હાલમાં જ નેશનલ ઈ-ગવર્નન્સ ડિવિઝન (NeGD) કે જે અને સહકાર ટેક્સી કોઓપરેટિવ લિમિટેડે (બ્રાન્ડ નામઃ ભારત ટેક્સી),

ન્યૂ દિલ્હી દ્વારા પ્લેટફોર્મ ઈન્ટીગ્રેશન, સાયબર સુરક્ષા, ગોપનીયતા(Privacy), Compliance અને governance વગેરે બાબતે વ્યૂહાત્મક સલાહકારી (strategic advisroy) અને તકનીકી સહાય(technical supprot) પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે ઔપચારિક સમજૂતી કરાર (MoU) કરેલ છે.

- ભારત ટેક્સીનો પાયલોટ તબક્કો નવેમ્બર-૨૦૨૫માં દિલ્હીમાં ૬૫૦ વાહનો અને તેમના માલિક-ડ્રાઈવરો સાથે શરૂ થવાનો છે. જે લોન્ચ થતાં જ ભારતની મોબીલિટી ઈકોસિસ્ટમમાં મોટા પાયે પરિવર્તન આવશે, આ પગલું સહકાર-સંચાલિત, પારદર્શક અને નાગરિક-કેન્દ્રિત રાઈડ-હેલિંગ પ્લેટફોર્મ બની રહેશે.
- પ્રથમ રાષ્ટ્રવ્યાપી તબક્કામાં ૫,૦૦૦ ડ્રાઈવરો, પુરુષો અને સ્ત્રીઓ બંને ભાગ લેશે. ત્યારબાદ આ સેવા આગામી વર્ષ દરમિયાન મુંબઈ, પૂણે, ભોપાલ, લખનૌ અને જયપુર સહિત ૨૦ શહેરોમાં તબક્કાવાર રીતે વિસ્તૃત કરવામાં આવશે તેવો એક અંદાજ છે.

**સહકાર ટેક્સી ભારતના પરિવહનનું ભવિષ્ય:**

- દરેકને વધુ સારી સવારી (ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા) અનુભવવાનો હક છે - ખાસ કરીને તે ડ્રાઈવરો જે તેને શક્ય બનાવશે તેવા એક સરળ વિચારમાં સહકાર ટેક્સી માને છે. સહકાર ટેક્સી એ ભારતનું પ્રથમ સહકારી-આધારિત ટેક્સી પ્લેટફોર્મ છે, જે ડ્રાઈવરો અને મુસાફરો બંને માટે વ્યાજબી, પારદર્શિતા અને પ્રતિષ્ઠિત ટ્રાન્સપોર્ટેશન સેવા માટે બનાવવામાં આવ્યું છે. આ એક ડ્રાઈવર-માલિકીની સહકારી સંસ્થા છે કે જેમાં ડ્રાઈવરો ફક્ત ભાગીદારો નથી - તેઓ વાસ્તવિક માલિકો છે.
- ભારત ટેક્સી એ જે “ડ્રાઈવરો પહેલા, બધા માટે વાજબી સવારી” માં માને છે.
- સહકાર ટેક્સી સાથે સલામત, સસ્તી અને વિશ્વસનીય પરિવહનનો આનંદ માણી શકાશે અને જ્યારે સ્થાનિક ડ્રાઈવરો તેમના ભાડાના ૧૦૦% કમાઈ ટેકો મેળવશે. જેમાં કોઈ વચેટિયા કે છૂપા ચાર્જિસ પણ નહીં હોય.
- સહકાર ટેક્સી સહકારી મોડેલ હેઠળ ડ્રાઈવરો દ્વારા જ ચલાવવામાં આવનાર છે. ડ્રાઈવરોને સંપૂર્ણ કમાણી મળશે.
- સહકાર ટેક્સી સહકાર દ્વારા સંચાલિત, લોકો માટે બનાવેલ, વિશ્વાસુ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા પૂરી પડશે.
- ભારતભરના લોકો પ્રામાણિક, સૌને પરવળે તેવી અને પીપલ ફ્રેંડલી

ટ્રાન્સપોર્ટેશન શોધી રહ્યા છે. સહકાર ટેક્સી ફક્ત એક રાઇડ એપ્લિકેશન નથી તે વિશ્વાસ, વ્યાજબી કિંમત અને વિકાસ સાથે જોડાયેલ છે. વ્યાજબી કિંમત માટે કોઈ આશ્ચર્ય પામવાની જરૂરત નથી, કારણકે તેના ભાડા કોઈ છૂપા ચાર્જિસ વગરના પારદર્શક રહેશે અને છેલ્લી ઘડીના તેમાં ફેરફારો નહીં હોય તેવો અંદાજ છે.

- બાઈક, ઓટો-રિક્ષા કે કેબની જરૂર હોય ત્યારે સરળ બુકિંગ, ઝડપી સવારી માટે સહકાર ટેક્સી મિનિટોમાં ઉપલબ્ધ રહેશે.
- ભારત દ્વારા ભારત માટે બનાવેલ આ સેવા દરેક ભારતીયની જરૂરિયાતો પૂરી કરવા માટે બનાવવામાં આવેલી આ સેવા વ્યસ્ત શહેરોથી લઈને વિકસતા નગરો સુધી મળી રહેશે તેવો એક અંદાજ છે.
- ઈલેક્ટ્રિક અને સીએનજી વાહનોને પ્રોત્સાહન આપી, સરકારી યોજનાઓ સાથે ભાગીદારી કરી, ઓછી આવક ધરાવતા, વૃદ્ધો અને સીમાંત સમુદાયો સહિત બધા માટે સેવાઓ ઉપલબ્ધ બને તેવા ખાસ પ્રયત્નો રહેશે. જે સર્વ સમાવિષ્ટ સેવા પૂરી પાડનાર બની રહેશે.

**સહકાર ટેક્સી પાછળ રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ:**

- આ ફક્ત એક નવી ટેક્સી સેવા નથી. સહકાર ટેક્સી આત્મનિર્ભર ભારત માટે એક મોડેલ રજૂ કરે છે. તે સરકારની લાંબા ગાળાની યોજનામાં બંધ બેસે છે, જેમકે ,
- ૫૦ કરોડથી વધુ નિષ્ક્રિય અથવા બિન-સભ્ય નાગરિકોને સક્રિય સહકારી ભાગીદારીમાં લાવવા.
- ગ્રામીણ ભારત, આદિવાસીઓ, દલિતો, મહિલાઓ અને યુવાનોને સશક્ત બનાવતા મોડેલો દ્વારા સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપવું.
- ભારતની દરેક પંચાયતમાં એક સહકારી એકમ સ્થાપિત કરવું.
- ૨૦૩૪ સુધીમાં GDPમાં સહકારી ક્ષેત્રના યોગદાનને ત્રણ ગણું કરવું

**સહકાર ટેક્સી અને ઓલા- ઉબેર તુલના :**

**સહકાર ટેક્સી ઓલા- ઉબેર**

સહકાર ટેક્સીનું બિઝનેસ મોડેલ સહકારના સિધ્ધાન્તો આધારીત હશે ,જ્યાં ડ્રાઈવરો મહંશ-માલિક અને શેરધારકો હશે. જ્યારે ઓલા-ઉબેર ખાનગી કંપની સંચાલિત કમિશન-આધારિત મોડેલ છે.

નજીવી સભ્યપદ ફીના બદલે ભાડાની કમાણીમાં ડ્રાઈવરનો ૧૦૦% હિસ્સો રહેશે.

ડ્રાઈવરો કંપનીને દરેક રાઈડ પર ૨૦-30% કમિશન ચૂકવે છે.

સરકાર-નિયંત્રિત ભાડામાં પારદર્શિતા સાથે અનિશ્ચિત ભાવ વધારાના જોખમ વગરની (Surge Pricing) સુવિધાઓ રહેશે ઊંચી માંગ દરમિયાન ભાડા નોંધપાત્ર રીતે વધી શકે છે.

દેશભરમાં તબક્કાવાર લોન્ચિંગ, નવેમ્બર, ૨૦૨૫માં દિલ્હીમાં પાયલોટ તબક્કો શરૂ થશે. ડ્રાઈવરોના વિશાળ નેટવર્ક સાથે દેશભરમાં પહેલેથી જ કાર્યરત છે.

શરૂઆત થી જ ટુ-વ્હીલર, રિક્ષા અને ફોર-વ્હીલરનો સમાવેશ થશે. મુખ્યત્વે ફોર-વ્હીલર અને ઓટો-રિક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ડ્રાઈવરો માટે લાભો જેવાકે તબીબી સુવિધા આવરી લેવી અને નિવૃત્તિ યોજનાઓ જેવા સામાજિક સુરક્ષા લાભો ઉપરાંત શેરધારકો તરીકે મતદાનનો અધિકાર મળી રહેશે. કેટલાક પ્રોત્સાહનો પૂરા પાડે છે, પરંતુ સામાન્ય રીતે માલિકી અથવા વ્યાપક સામાજિક સુરક્ષા લાભો પ્રદાન કરતું નથી.

અંતમાં સહકાર ટેક્સીએ ઓલા અને ઉબેરની તુલનામાં, વિશ્વસનીય, યુઝર ફ્રેંડલી અને ટેકનોલોજી સંપન્ન વ્યવસ્થા સાથે અસરકારક રીતે વિસ્તરણ કરવાની જરૂર હશે. કામગીરીનો વ્યાપ વધારવા સમગ્ર ભારતમાં વ્યાપક ડ્રાઈવર અને રાઈડર મેળવવાના પડકારને દૂર કરવો આવશ્યક બનશે. મોટી ખાનગી સંસ્થાઓ તરફથી પણ સ્પર્ધાનો સામનો કરવો પડશે. આર્થિક રીતે લાંબાગાળાની આ સહકારી મોડેલને ટકાવી રાખવા ખાતરી કરવી આવશ્યક બનશે.

***“સહકાર સે સમૃદ્ધિ”ના સિદ્ધાંતો આધારિત, ટેક્સી-સેવા સહકારી મંડળીની રચના ઈચ્છુક ટેક્સી ડ્રાઈવરો દ્વારા કરવામાં આવશે અને મેનેજમેન્ટ આવી સોસાયટીના સભ્યો પાસે રહેશે. આ પહેલનો ઉદ્દેશ તમામ સભ્યોની સક્રિય ભાગીદારી દ્વારા લોકશાહી વ્યવસ્થાપનને સુનિશ્ચિત કરવાનો અને આવી સહકારી ટેક્સી સોસાયટી દ્વારા કમાયેલો મહત્તમ નફો ટેક્સી ડ્રાઈવરો (કે જેઓ સોસાયટીના મેમ્બર હશે)માં સમાનરૂપે વહેંચવામાં આવે તે સુનિશ્ચિત કરવાનો છે, આ પ્રકારની પહેલ એકંદરે સમૃદ્ધિ તરફ દોરી જશે અને ગ્રાહકોને વધુ સારી સેવાઓ પૂરી પાડવાની સાથે-સાથે આવા ટેક્સી ડ્રાઈવરો/સહકારી મંડળીના સભ્યોની આવક, કામકાજની સ્થિતિ અને જીવનધોરણમાં સુધારો કરશે.***

**શ્વેતક્રાંતિ**

# ગામના દૂધ ઉત્પાદનની વાર્ષિક આવક રૂ.૩૦ કરોડ !!

ગામમાં દૂધની ડેરીઓ પાસે ગામના જુવાનિયાઓની કતાર જોઈને મને ખરેખર આશ્ચર્ય થયું કે આટલું બધું દૂધ ઉત્પાદન આ ગામમાં કેવી રીતે?

ધંધુસર ગામમાં ખેતીની સાથે પશુપાલનનો પણ ખૂબ સારો વિકાસ થયો છે. ગામના ખેડૂતોના ઘરે સરેરાશ ત્રણ, ચાર ગાય, ભેંસ તો જોવા મળે જ. ગામના દૂધ ઉત્પાદનની સતત વૃદ્ધિના પરિણામે ધંધુસર ગામમાં આજે ૨૮-૩૦ ખાનગી કે સહકારી દૂધ મંડળીઓ ધમધોકાર ચાલે છે..

આ લેખના હેડિંગનો આંકડો જોઈને એવું ન માનતા કે આંકડામાં કોઈ ભૂલ થઈ લાગે છે. હા, આ એક ગામના ઉત્કૃષ્ટ પશુપાલન અને જળસંચયના કારણે પશુઓને મીઠું જળ અને પૂરતો ઘાસચારો ઉપલબ્ધ થવાથી દૂધ ઉત્પાદન વધવાના કારણે દૂધની વાર્ષિક આવક ખરેખર કરોડોમાં પહોંચી છે.

વંથલી તાલુકાના ધંધુસર ગામમાં મેં સમી સાંજે પ્રવેશ કર્યો ત્યારે ગામમાં દૂધની ડેરીઓ પાસે ગામના જુવાનિયાઓની ક્તાર જોઈને મને ખરેખર આશ્ચર્ય થયું કે આટલું બધું દૂધ ઉત્પાદન આ ગામમાં કેવી રીતે? ત્યારે એ પણ ખબર પડી કે કેટલીક સહકારી મંડળીઓ અને ખાનગી સંચાલકોની ૨૮-૩૦ દૂધની ડેરીઓ આ ગામમાં આવેલી છે!

**અભય રાવલ**

મને આશ્ચર્ય પામતા જોઈને કાળાભાઈ સિંધલ અને બીજા બે ત્રણ આગેવાનોએ પૂછ્યું, “શાની મૂંઝવણ છે, ભાઈ?”

“અરે મૂંઝવણ તો કાંઈ નથી પણ આ દૂધ ભરાવા માટે આટલી બધી ડેરીઓ અને આટલી લાઈન જોઈને મને થયું કે આટલું બધું દૂધ ઉત્પાદન ગામમાં કઈ રીતે? કેટલા દૂધાળા પશુ હશે આ ગામમાં ? દૂધ ઉત્પાદન પણ કેટલું હશે ?”

કાળાભાઈએ કહ્યું, તમને કદાચ નવાઈ લાગે. કારણ, આ ગામનું દૂધ ઉત્પાદન અને તેના આંકડા સાંભળીને તમને ખરેખર નવાઈ લાગશે. તમને કદાચ એ જાણીને પણ નવાઈ લાગશે કે ધંધુસર ગામમાં દૈનિક દૂધ ઉત્પાદન જે થાય છે તે આખા વંથલી તાલુકાના કોઈ ગામમાં અથવા તો કદાચ જિલ્લામાં પણ થતું નહીં હોય.

ગામમાં અંદાજે ૬૦૦૦ જેટલા ગાય ભેંસ છે અને તેમાંથી ૩૦૦૦ જેટલા દૂધાળા પશુઓના કારણે ગામનું આખા દિવસનું દૂધ ઉત્પાદન અંદાજે ૨૧,૦૦૦ લીટરની

આસપાસ તો થાય જ છે. એટલે મહિને દા'ડે ૬,૩૦,૦૦૦ લિટર દૂધ ઉત્પાદન તમારે ગણી લેવાનું. લિટરનો સરેરાશ રૂપિયા ૪૦ ભાવ ગણીએ તો પણ મહિને રૂપિયા અઢી લાખની દૂધની આવક ગામને થાય છે.

હવે એના ઉપરથી ગણી લો કે ગામના પશુપાલકોની દૂધની વાર્ષિક આવક કેટલી હશે? ગામના યુવાન ભરતભાઈ મૂલયાસિયા પણ અમારી આ વાત સાંભળી રહ્યા હતા ત્યારે તેમણે વચ્ચે જ કહ્યું કે તમે ગણતરી મૂકો, ત્યારે મેં નવાઈ પામીને ગણતરી કરવી શરૂ કરી તો ગામના દૂધ ઉત્પાદનની વાર્ષિક આવકનો આંકડો રૂપિયા ૩૦ કરોડે પહોંચ્યો.!

કાળાભાઈ સિંધલ અને નાગાભાઈ દીવરાણીયાએ મને કહ્યું,

"મજાની વાત તો એ છે કે ગામના પશુપાલનના વ્યવસાય સાથે મોટાભાગે ગામની બહેનો જ જોડાયેલી છે. તેમની મહેનત અને સતત તકેદારીના કારણે જ અને ખાસ તો જળસંચય પછી પશુઓને જે પીવાનું શુદ્ધ પાણી અને ઘાસચારો મળતા થયા એના કારણે ગામના ગાય ભેંસનું સરેરાશ દૂધ ઉત્પાદન અગાઉનાં વર્ષોની તુલનામાં ઘણું વધી ગયું છે., તેનું તો આ પરિણામ છે." મને ખરેખર આશ્ચર્ય કરતા આનંદ એ વાતનો થયો કે આ ગામને ખેતીની સાથે પશુપાલનનું પણ મહત્વ સમજાયું છે. જે ગામમાં પશુપાલન સારી રીતે થતું હોય ત્યાં ખેતીનું ભવિષ્ય ઉજ્જવળ જ હોય, તે આ ગામમાં પણ મેં જોયું. અત્યારે મોટાભાગના ગામમાં દેશી ખાતરની તંગી જોવા મળે. મોંઘુ દેશી ખાતર કોઈ ખરીદે નહીં. ગામમાંથી છાણ વગેરે મળે નહીં એટલે ખાતર પણ ક્યાંથી મળે ? તેમાંય હવે જ્યારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો થયા છે ત્યારે દેશી ગાય ને ગોબરની તો અત્યંત જરૂરિયાત ઊભી થાય. આ સંજોગોમાં આ ધંધુસર ગામમાં પશુ સંવર્ધનની આદર્શ સ્થિતિ જોતા મને ખરેખર આનંદ થયો.

કાળાભાઈ અને નાગાભાઈ દિવરાણીયાએ મને કહ્યું કે જળસંચયના કારણે સૌથી મોટો ફાયદો અમને બાગાયતી વિસ્તારમાં થયો છે. એક સમય હતો, જ્યારે અહીંયા ચીકુનું ઉત્પાદન પ્રમાણમાં ઘણું ઓછું થતું. પણ વર્ષ ૨૦૦૫-૦૬ પછી ચીકુની વાડીઓ અને ચીકુની ગુણવત્તા પણ વધી. આ બધું જ જળસંચયને આભારી છે.

ગામના એક અન્ય આગેવાન ઓથાભાઈ દીવરાણીયાએ પણ કહ્યું કે જળ સંચયના કારણે પાણીની સગવડ થયાં પછી બાગાયત, ખરીફ અને રવી પાકના મબલક ઉત્પાદનના કારણે અમારા ગામની ખેતીની આવક દસેક વર્ષ પહેલાં રૂપિયા પાંચ, સાત કરોડની આસપાસ થતી તે આજે ત્રણ ત્રણ પાક અને વિધા દીઠ કૃષિ ઉત્પાદન લગભગ દોઢુ કે અમુક કિસ્સામાં બમણું લઈ શકવાના કારણે રૂપિયા ૨૦ કરોડની

આસપાસ પહોંચી ગઈ છે.

ઓથા ભાઈનું કહેવું છે કે ગામની ખેતી સુધરવાથી અમારા ગામના અનેક ખેતમજૂરો ભાગીયા બનીને ખેતી કરતા થયા એટલે એમનું સ્થળાંતર અટક્યું છે, અમારા ગામમાં ખેતમજૂરીનો સારો ભાવ હોવાથી બાજુના અમુક ગામના ખેતમજૂરો પણ આવતા થયા. તમે નહીં માનો, પણ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ખેતમજૂર પણ અમારા ગામમાં મજૂરી કરે છે.

જળસંચયના કારણે ધંધુસર ગામની સીમમાં ભૂગર્ભ જળ સપાટી ઘણી ઊંચી આવી છે. આજથી ૨૫ વર્ષ પહેલા જ્યાં ૩૦૦-૪૦૦ ફૂટે પાણી મળતાં ત્યાં છેલ્લા દસ વર્ષથી સરેરાશ ૨૦-૩૦ ફૂટે પાણી મળી રહે છે. તેના કારણે હવે ગામમાં ઘાસચારાની કોઈ જ તંગી નથી એટલે ખેતીની સાથે પશુપાલન બંનેનો વિકાસ ગામમાં થયો છે..

આમ, ખેતી અને પશુપાલનના કારણે ગામની સમૃદ્ધિની પરાકાષ્ઠા તો એ છે કે ગામમાં હવે સ્થિતિ એવી છે કે ધિરાણ લેવા માટે ખેડૂતો ના પાડે છે. બેંકો તો લોન આપવા તૈયાર છે પણ ખેડૂતો આર્થિક દૃષ્ટિએ સંપન્ન બન્યા છે એટલે મોટાભાગના ખેડૂતોને આર્થિક ધિરાણની હવે બહુ જરૂર પડતી નથી. બાકી, એક સમય એવો કપરો હતો કે ખેડૂતને બેંકનું ધિરાણ જોઈતું હોય તો ખેતી અને ખેડૂતની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે બેંકો ખેડૂતોને ધિરાણ આપવામાં સ્વાભાવિક રીતે જ ખચકાટ અનુભવે પરંતુ હવે આ પરિસ્થિતિમાં જાણે કે યુ ટર્ન આવ્યો છે.

જળસંચયના કારણે ગામના કૃષિ ક્ષેત્રમાં સૌથી મહત્ત્વનો ફાયદો એ થયો છે કે જ્યારે પહેલા બીજા વરસાદ પછી પૂરબહારમાં વાવેતર થયું હોય પછી માનો કે એકાદ મહિના સુધી વરસાદ ખેંચાય અથવા તો પાછોતરો વરસાદ ખેંચાય તો પણ ભૂગર્ભ જળસપાટી ઊંચી આવી હોવાથી કૂવા અને બોરના પાણી સિંચાઈ માટે સહેલાઈથી મળી રહેવાના કારણે કૃષિ ઉત્પાદનને ઉની આંચ આવતી નથી.

જળસંચયનું આ જ મહત્વ છે. સારા વરસાદના વર્ષોમાં તો આપણને એમ લાગે કે વરસાદ સારો થાય એટલે ખેતી સારી થાય પરંતુ જ્યારે વરસાદ ખેંચાય ત્યારે ખબર પડે કે જળ સંચય ખેંચીને કઈ રીતે ઉગારે છે.. ધંધુસર એ ગામનું પણ ઉદાહરણ છે કે આજે ખેતીની સાથે પશુપાલન પણ એક તંત્ર વ્યવસાય તરીકે જ્યારે ઉપસી રહ્યો હોય ત્યારે માત્ર ખેતી પર નિર્ભર રહેવાને બદલે પશુપાલનને પણ અપનાવવામાં આવે તે ગામમાં ખેડૂતોને આર્થિક સંકટનો સામનો કરવાનો ન આવે. ૪ તાલુકાનું ધંધુસર ગામ પ્રત્યક્ષ ઉદાહરણ છે.

(સાભાર : ફુલછાબ)

**સહકાર શક્તિ**

# ગુજરાતમાં સહકાર અને મહિલા સશક્તીકરણઃ શ્વેત ક્રાંતિથી આત્મનિર્ભરતા સુધીની ગૌરવવંતી ગાથા

ગુજરાતની ભૂમિ પર સહકારી પ્રવૃત્તિ માત્ર એક આર્થિક મોડેલ નથી, પરંતુ એક સુદૃઢ સામાજિક-સાંસ્કૃતિક શ્રદ્ધા છે. સ્વતંત્રતા બાદ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા દીર્ઘદૃષ્ટા નેતાઓના પ્રયાસો થકી ગુજરાતમાં સહકારી ચળવળનો મજબૂત પાયો નખાયો. આજે આ પ્રદેશ વર્ષોથી "સૌનો સાથ, સૌનો વિકાસ"ના મંત્રને આત્મસાત્ કરીને પ્રગતિના પંથે છે. સહકારની આ અનોખી પ્રગતિએ સમાજના નબળા વર્ગોને સંગઠિત કરી, તેમને આર્થિક રીતે સશક્ત બનાવ્યા છે અને સામાજિક અસમાનતાના ખાડાઓને પૂરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

અહીં 'સહકાર' માત્ર આર્થિક પ્રવૃત્તિ પૂરતો સીમિત ન રહેતાં, સામાજિક સમાનતા અને સકારાત્મક પરિવર્તનનું માધ્યમ બન્યો છે, જ્યાં દરેક સભ્યને સમાન અધિકાર મળે છે. આ સહકારના કેન્દ્રમાં 'મહિલા સશક્તિકરણ' રહેલું છે, કેમ કે ડેરી ક્ષેત્રમાં મહિલાઓએ અગ્રેસર ભૂમિકા ભજવી છે. આ ભવ્ય પ્રવાસની શરૂઆત 'શ્વેત ક્રાંતિ' (ઓપરેશન ફ્લડ)થી થઈ, જેણે દૂધ ઉત્પાદનને એક સંગઠિત ઉદ્યોગનું સ્વરૂપ આપ્યું. આ સફરનો અંતિમ મુકામ 'આત્મનિર્ભરતા' છે, જ્યાં ગ્રામીણ પરિવારો, વિશેષ કરીને મહિલાઓ, આર્થિક રીતે સ્વતંત્ર બન્યાં છે. આ સમગ્ર પ્રક્રિયા એક 'ગૌરવવંતી ગાથા' છે, જેણે ગુજરાતના વિકાસનું એક અનોખું અને પ્રેરણાદાયી પ્રકરણ લખ્યું છે.

**ડૉ. ચેતનાબેન પ્રતાપસિંહ ઝાલા,**
વલ્લભ વિદ્યાનગર, આણંદ
મો.૮૭૮૦૮૦૪૯૩૧

"સહકારના સેતુ બંધાયા, નારીશક્તિના સહારે, પરિશ્રમથી પ્રગતિની ગંગા, વહેવા લાગી ઘરે ઘરે. એક ટીપેથી શરૂ થયેલી, આત્મનિર્ભરતાની યાત્રા, હવે ગુજરાતના ભાગ્યને ઘડી રહી, બની શ્વેત ક્રાંતિની ગાથા."

- **ડેરી ક્ષેત્રઃ શ્વેત ક્રાંતિનો પાયો અને અનન્ય સફળતા**

ગુજરાતનું ડેરી સહકારી મોડેલ, જે શ્રી ત્રિભુવનદાસ પટેલ દ્વારા શરૂ કરાયેલ અને ડૉ. વર્ગીસ કુરિયન દ્વારા વિકસાવેલ 'ઓપરેશન ફ્લડ'ની કરોડરજ્જુ સમાન છે, તે વિશ્વ માટે એક પ્રેરણાદાયક દાખલો છે.

આ મોડેલનો મૂળભૂત ઉદ્દેશ્ય દૂધ ઉત્પાદકોને સીધા ગ્રાહકો સાથે જોડીને વચેટિયાઓ દ્વારા થતું શોષણ અટકાવવાનો છે. પરિણામે, પશુપાલકોને તેમના પરિશ્રમનો યોગ્ય ભાવ મળ્યો અને તેમનું જીવનધોરણ સુધર્યું. આ મોડેલ માત્ર આર્થિક સમૃદ્ધિ જ નહીં, પરંતુ સામાજિક સમાનતા અને મહિલા સશક્તિકરણનું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

- **આણંદ મોડેલઃ સફળતાનું ત્રિ-સ્તરીય માળખું**

આ મોડેલની સફળતાનો પાયો તેના અજોડ ત્રિ-સ્તરીય માળખામાં રહેલો છે, જે ગ્રામીણ પશુપાલકોને સીધા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડે છેઃ

૧. ગ્રામ્ય સ્તરની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ (VDCS): આ મોડેલનો સૌથી પાયાનો અને મહત્ત્વપૂર્ણ એકમ ગ્રામ્ય કક્ષાએ આવેલી દૂધ મંડળી છે. ગુજરાતમાં આજે ૧૮,૬૦૦થી વધુ આવી મંડળીઓ કાર્યરત છે, જે ૩૬ લાખથી વધુ પશુપાલકોને સેવા પૂરી પાડે છે. આ મંડળીઓમાં પશુપાલકો નિયમિત રીતે દૂધ ભરાવે છે. અહીં દૂધની ગુણવત્તા (ફેટ અને એસએનએફ)ની ચકાસણી ઓટોમેટિક મશીનો દ્વારા થાય છે અને તેના આધારે તેમને યોગ્ય ભાવ મળે છે. આ એકમ પશુપાલકોને પશુઆહાર, પશુચિકિત્સા સેવાઓ અને કૃત્રિમ બીજદાન જેવી આવશ્યક સેવાઓ પણ પૂરી પાડીને તેમના આર્થિક વિકાસને સુનિશ્ચિત કરે છે.

૨. જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (District Milk Union): ગ્રામ્ય મંડળીઓ દ્વારા એકત્ર થયેલું દૂધ વાતાનુકૂલિત ટેન્કરો દ્વારા જિલ્લા સંઘોના મુખ્ય પ્લાન્ટ્સ સુધી પહોંચાડવામાં આવે છે. ગુજરાતમાં ૨૨ જેટલા જિલ્લા દૂધ સંઘો કાર્યરત છે. આ સંઘોનું મુખ્ય કાર્ય કાચા દૂધનું વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા પ્રોસેસિંગ, પાશ્ચરાઈઝેશન અને પેકિંગ કરીને બજારમાં વિતરણ માટે તૈયાર કરવાનું છે. આ ઉપરાંત, આ સંઘો દૂધમાંથી વિવિધ મૂલ્યવર્ધિત ઉત્પાદનો જેવા કે ઘી, માખણ, ચીઝ, દહીં, આઈસ્ક્રીમ અને પાવડરનું પણ ઉત્પાદન કરે છે, જે આર્થિક રીતે વધુ ફાયદાકારક સાબિત થાય છે.

૩. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ (GCMMF): આ ફેડરેશન ગુજરાતના તમામ જિલ્લા દૂધ સંઘોની સર્વોચ્ચ સંસ્થા છે. તેનું મુખ્ય કાર્ય સમગ્ર દેશ અને વિદેશમાં 'અમૂલ' બ્રાન્ડ હેઠળ દૂધ અને તેની બનાવટોનું માર્કેટિંગ અને વેચાણ કરવાનું છે. GCMMF એક

મજબૂત બ્રાન્ડિંગ અને લોજિસ્ટિક્સ નેટવર્ક ધરાવે છે, જેના કારણે 'અમૂલ' આજે ભારત સહિત વિશ્વના ૫૦થી વધુ દેશોમાં જાણીતી બ્રાન્ડ બની છે. આ ફેડરેશન પશુપાલકથી ગ્રાહક સુધીની એક સુવ્યવસ્થિત અને પારદર્શક ચેનલ પૂરી પાડે છે.

- **સ્ત્રી સશક્તીકરણઃ ડેરી ક્ષેત્રની અદૃશ્ય શક્તિ**

સશક્તિકરણ એટલે વ્યક્તિઓ કે સમૂહોને શક્તિ, અધિકાર અને સ્વતંત્રતા આપીને સક્ષમ બનાવવાની પ્રક્રિયા. મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓને તેમના જીવન પર સંપૂર્ણ નિયંત્રણ અને અધિકાર આપવો, જે માત્ર આર્થિક સ્વતંત્રતા પૂરતું સીમિત ન રહેતાં, સમાજના દરેક ક્ષેત્રમાં સમાનતાની સ્થાપના કરે છે. ગુજરાતનું ડેરી સહકારી મોડેલ માત્ર આર્થિક પ્રગતિનું એન્જિન નહીં, પરંતુ સામાજિક ક્રાંતિનું પણ પ્રતીક છે. આ મોડેલે ગ્રામીણ મહિલાઓને માત્ર દૂધ ઉત્પાદક તરીકે જ નહીં, પરંતુ ઘર અને સમાજના આર્થિક નિર્ણયો લેનારી શક્તિશાળી વ્યક્તિઓ તરીકે સ્થાપિત કરી છે.

- **આર્થિક સ્વાતંત્ર્ય અને સશક્તીકરણ**

પશુપાલન અને દૂધ ઉત્પાદન એ ગ્રામીણ પરિવારોની, ખાસ કરીને મહિલાઓ માટે, એક મહત્ત્વપૂર્ણ આર્થિક પ્રવૃત્તિ છે. સહકારી મોડેલ થકી મહિલાઓને દૂધના વેચાણમાંથી નિયમિત અને સ્થિર આવક મળે છે. આ આવક સીધી તેમના બેંક ખાતામાં જમા થાય છે, જેના પર તેમનો સંપૂર્ણ અધિકાર હોય છે. આ આર્થિક સ્વાતંત્ર્ય મળતા તેઓ આ નાણાંનો ઉપયોગ બાળકોના શિક્ષણ, પરિવારના આરોગ્ય ખર્ચ અને અન્ય જરૂરિયાતો માટે કરે છે. આનાથી પરિવારમાં તેમની ભૂમિકા માત્ર શ્રમજીવી તરીકેની ન રહેતાં, એક સહ-નિર્ણાયક તરીકેની બની છે. રામિલાબેન ગોવિંદભાઈ પટેલ જેવી મહિલાઓ, જેમણે કરોડો રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી ડેરી ફાર્મ ચલાવીને આ ક્ષેત્રની તાકાત સાબિત કરી છે.

- **નેતૃત્વ અને નિર્ણયશક્તિમાં ભાગીદારી**

ડેરી સહકારી મોડેલે મહિલાઓને ગ્રામ્ય સ્તરની દૂધ મંડળીઓથી લઈને જિલ્લા સંઘોના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ સુધીના નેતૃત્વના પદ પર પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગુજરાતમાં એવી અનેક દૂધ મંડળીઓ છે, જેનું સંચાલન સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા જ થાય છે. આ મંડળીઓમાં મહિલાઓ પોતે જ પ્રમુખ, ઉપ-પ્રમુખ અને સભ્યો તરીકે કાર્ય કરે છે, જેનાથી તેમને વહીવટી પ્રક્રિયાઓ, નાણાકીય વ્યવસ્થાપન અને બજારની સમજ મળે છે. બનાસ ડેરીના ૨.૧૪ લાખથી વધુ અને સાબર ડેરીની ૩.૧૭ લાખ મહિલા સભ્યો આજે નિર્ણય

પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી કરી રહી છે. આ મોડેલે પુરુષપ્રધાન સમાજમાં મહિલાઓ માટે નેતૃત્વના દ્વાર ખોલ્યા છે, જેણે સામાજિક પરિવર્તનનો મજબૂત પાયો રચ્યો છે.

- **ગુજરાતની અગ્રણી ડેરીઓ: વિકાસનું વિશ્લેષણ**

ગુજરાતના ડેરી ઉદ્યોગની સફળતાનો મુખ્ય શ્રેય તેના મજબૂત અને કાર્યક્ષમ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘોને જાય છે, જેમણે ગ્રામીણ વિકાસ, ટેકનોલોજીકલ પ્રગતિ અને મહિલા સશક્તિકરણમાં અનન્ય યોગદાન આપ્યું છે:

**અમૂલ ડેરી (આણંદ):**

સહકારનો પાયાનો પથ્થર. ત્રિભુવનદાસ પટેલ દ્વારા સ્થાપિત અને ડૉ. કુરિયન દ્વારા આધુનિક સ્વરૂપ અપાયેલ આ ડેરી સહકારી મોડેલનું પ્રતીક છે.

**બનાસ ડેરી (બનાસકાંઠા):**

એશિયાનો સૌથી મોટો ડેરી સંઘ. તે માત્ર દૂધ ઉત્પાદન પૂરતી સીમિત નથી, પરંતુ પશુઆહાર, પશુચિકિત્સા સેવાઓ અને બટાકા-ફળોના પ્રોસેસિંગ દ્વારા ગ્રામીણ ઈકોસિસ્ટમનું નિર્માણ કરી રહી છે.

**દૂધસાગર ડેરી (મહેસાણા):**

ટેકનોલોજી અને નવીનતાનો સંગમ. વિશાળ દૂધ એકત્રીકરણ નેટવર્ક અને પશુ કલ્યાણના કાર્યક્રમો માટે જાણીતી.

**સાબર ડેરી (સાબરકાંઠા):**

મહિલા સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ. મોટી સંખ્યામાં મહિલા સભ્યો મંડળીઓના સંચાલનમાં સક્રિય છે. તાજેતરમાં ચીઝ પ્લાન્ટ અને UHT ટેટ્રાપેક પ્લાન્ટ જેવી મોટી પહેલો કરી છે.

**સુમૂલ ડેરી (સુરત):**

આદિવાસી અને ગ્રામીણ ઉત્કર્ષનો આધાર. દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારોના પશુપાલકોના આર્થિક ઉત્કર્ષમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**સરહદ ડેરી (કચ્છ):**

પડકારજનક પરિસ્થિતિઓમાં સફળતા. કઠિન ભૌગોલિક પરિસ્થિતિઓમાં પણ કચ્છના પશુપાલકોને સ્થિર આવકનો સ્ત્રોત પૂરો પાડ્યો છે.

**મધુર ડેરી (ગાંધીનગર):**

ગુણવત્તા અને પારદર્શિતાનું પ્રતીક. ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનો અને પશુપાલકોને સૌથી ઊંચો ભાવ ચૂકવવા માટે જાણીતી છે.

**ગોપાલ ડેરી (રાજકોટ):**

સૌરાષ્ટ્રનો આધારસ્તંભ. દુષ્કાળ જેવી પરિસ્થિતિઓમાં પણ પશુઆહાર અને અન્ય સહાય પૂરી પાડીને ખેડૂતોના આર્થિક સંકટને ટાળવામાં મદદ કરે છે.

- મહિલા સંચાલિત ડેરી મંડળીઓ: સહકારનું હૃદય

ડેરી મોડેલની સાચી શક્તિ ગામ્ય સ્તરે

કાર્યરત નાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાં રહેલી છે, જેમાંથી ઘણવાનું સંચાલન સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા થાય છે. પાલનપુર, ખેડા અને આણંદની મહિલા ડેરી મંડળીઓ તેના ઉત્તમ ઉદાહરણો છે. અહીં મહિલાઓ માત્ર દૂધ એકત્ર જ નથી કરતી, પરંતુ મંડળીના અધ્યક્ષ અને સભ્યો તરીકે પણ સેવા આપે છે. આર્થિક સ્વાતંત્ર્ય અને નિર્ણય લેવાની ક્ષમતા આપીને, આ મંડળીઓ ગ્રામીણ સમાજમાં મહિલાઓનું સન્માન અને સ્થાન નોંધપાત્ર રીતે વધારવાનું કાર્ય કરી રહી છે.

- **ટેકનોલોજી અને માળખાકીય સુવિધાઓનું મહત્ત્વ**

  ગુજરાતનું ડેરી ક્ષેત્ર માત્ર સહકારના પાયા પર જ નહીં, પરંતુ ટેકનોલોજીના યોગ્ય અને સમયસર ઉપયોગને કારણે પણ વિશ્વ કક્ષાએ સફળ બન્યું છે.

- **અદ્યતન કોલ્ડ ચેઈન લોજિસ્ટિક્સ**

  દૂધ જેવી નાશવંત વસ્તુને લાંબા અંતર સુધી તાજી રાખવા માટે કોલ્ડ ચેઈન લોજિસ્ટિક્સ મહત્ત્વપૂર્ણ છેઃ ગ્રામ્ય કક્ષાએ મિલ્ક ચિલિંગ સેન્ટર્સઃ દૂધ એકત્ર થયા બાદ તેને તાત્કાલિક ઠંડું કરવાથી તેની ગુણવત્તા જળવાઈ રહે છે અને તેમાં બેક્ટેરિયાનો વિકાસ અટકે છે.

- **વાતાનુકૂલિત ટેન્કરોઃ**

  ચિલિંગ સેન્ટરો પરથી પ્રોસેસિંગ પ્લાન્ટ્સ સુધી દૂધને સુરક્ષિત રીતે પહોંચાડવા માટે ખાસ ડિઝાઈન કરાયેલા રેફ્રિજરેટેડ ટેન્કરોનો ઉપયોગ થાય છે.

- **ઓટોમેશન અને ગુણવત્તા નિયંત્રણ**

  ડેરી ઉદ્યોગમાં ઓટોમેશનના પ્રવેશથી કાર્યક્ષમતામાં ક્રાંતિકારી સુધારા થયા છેઃ ઓટોમેટિક મિલ્ક કલેક્શન યુનિટ્સ (AMCU)ઃ ગ્રામ્ય કક્ષાએ દૂધ ભરાવતી વખતે જ તેના ફેટ અને એસએનએફ જેવી ગુણવત્તાનું તુરંત પૃથક્કરણ કરે છે. આનાથી પશુપાલકને તેના દૂધની ગુણવત્તા મુજબ વાજબી ભાવ મળે છે અને સમગ્ર પ્રક્રિયામાં પારદર્શિતા જળવાય છે.

- **પ્રોસેસિંગ અને પેકેજિંગઃ**

  મોટા પ્લાન્ટ્સમાં પાશ્ચરાઈઝેશન, હોમોજીનાઈઝેશન અને પેકેજિંગ જેવી પ્રક્રિયાઓ ઓટોમેટેડ સિસ્ટમ દ્વારા થાય છે, જેનાથી માનવીય ભૂલો અને દૂધના બગાડને મોટા પ્રમાણમાં ઘટાડી શકાય છે.

- **ડિજિટાઈઝેશન અને મોબાઈલ એપ્સ**

  આધુનિક યુગમાં, ડિજિટલ ટેકનોલોજીએ ડેરી પ્રવૃત્તિને વધુ સુગમ બનાવી છેઃ ખેડૂતો માટે મોબાઈલ એપ્સઃ પશુપાલકો પોતાના દૂધની દૈનિક નોંધ, ચૂકવણીની વિગતો, દૂધના ભાવ અને પશુઆહારના

ઓર્ડર જેવી માહિતી સીધા પોતાના ફોન પર મેળવી શકે છે.

**પશુ વ્યવસ્થાપનઃ**

આરએફઆઈડી (RFID) ટેગ દ્વારા પશુઓના સ્વાસ્થ્ય, દૂધ ઉત્પાદન અને પ્રજનન ચક્રનું ડિજિટલ ટ્રેકિંગ કરી શકાય છે, જેનાથી તેમની સંભાળ રાખવામાં મદદ મળે છે.

- **નિષ્કર્ષઃ ભવિષ્યની દિશા અને અમર વારસો**

ગુજરાતનું ડેરી ક્ષેત્ર ભવિષ્યમાં પણ વિશ્વમાં તેની આગવી ઓળખ જાળવી રાખવા માટે અગ્રેસર રહેશે. આ ઉદ્યોગ સતત ટેકનોલોજી, મૂલ્યવર્ધન અને ટકાઉપણું (Sustainability) પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ડેટા એનાલિટિક્સઃ**

AIનો ઉપયોગ પશુઓના સ્વાસ્થ્યના ચોક્કસ નિરીક્ષણ માટે, દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિની આગાહી કરવા માટે અને પશુઓના આહાર માટે વ્યક્તિગત સલાહ પૂરી પાડવા માટે થઈ રહ્યો છે.

**મૂલ્યવર્ધિત અને સ્પેશિયાલિટી ઉત્પાદનોઃ**

ઓર્ગેનિક દૂધ, A2 દૂધ અને અન્ય ઓર્ગેનિક ડેરી ઉત્પાદનો તેમજ ચીઝ, યોગર્ટ, પ્રોટીન પાવડર જેવા પોષક ઉત્પાદનો દ્વારા આવકનો સ્ત્રોત વધુ વિસ્તૃત બની રહ્યો છે.

**ગ્રાહક સાથે સીધો સંપર્કઃ**

ઈ-કોમર્સ અને ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ડેરીઓ સીધા ગ્રાહકો સુધી પહોંચી રહી છે, જેનાથી વચેટિયાઓનો ખર્ચ ઘટી રહ્યો છે અને પારદર્શિતામાં વધારો થઈ રહ્યો છે.

**ટકાઉપણું (Sustainability):**

પર્યાવરણને અનુકૂળ ડેરી પ્રેક્ટિસ, જેમ કે જૈવિક ખાતરનો ઉપયોગ અને ઉર્જાના પુનઃપ્રાપ્ય સ્રોતો (સૌર ઊર્જા)નો સમાવેશ ભવિષ્ય માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ગુજરાતનું ડેરી ક્ષેત્ર ઉપરોક્ત દિશાઓ પર કાર્ય કરીને ભવિષ્યમાં પણ વિશ્વમાં અગ્રણી બની રહેશે. આ મોડેલ માત્ર આર્થિક સફળતાનું પ્રતીક નથી, પરંતુ સામાજિક સશક્તિકરણ, ગ્રામીણ ઉત્કર્ષ અને આત્મનિર્ભરતાનું જીવંત ઉદાહરણ છે. તે સહકાર અને સંગઠન દ્વારા પ્રગતિના નવા શિખરો સર કરવાનો એક અમર વારસો છે.

**સંદર્ભ સૂચિ**


- ડેરી ક્ષેત્રમાં શ્વેત ક્રાંતિ (લેખકઃ ડૉ.વર્ગીસ કુરિયન, પ્રકાશન વર્ષઃ ૧૯૯૭)
- સહકારી મોડેલ અને ગ્રામીણ વિકાસ (લેખકઃ ડૉ. અમૃતા પટેલ, પ્રકાશન વર્ષઃ ૨૦૦૫)
- મહિલા સશક્તિકરણની ડેરી ગાથા (લેખકઃ ડૉ. પ્રદીપ શુક્લા, પ્રકાશન વર્ષઃ ૨૦૧૮)

યાત્રાધામ

# નેપાળ સ્થિત - શ્રી પશુપાતિનાથ - યાત્રાધામ - ભ્રમણ

એક હિન્દુ રાષ્ટ્ર નેપાળ જ્યાં હિન્દુની વસ્તી ૮૭% છે. આ ભૂમિ આધ્યાત્મિક સાધના અને તંત્ર ઉપાસના માટે અતિ મહત્વની ગણાય છે. એમાંય એનું પશુપતિનાથ મંદિર તમામ મંદિરોમાં અગ્રગણ્ય મનાય છે. શિવપુરાણની શતરૂદ્ર સંહિતામાં શિવની આ મૂર્તિઓ વિષે ઉલ્લેખ છે. જેમાં પશુપતિ અંગે કહેવાય છે, પશુપતિ શબ્દનો અર્થ. પશુ એટલે મૂંગા જીવો, પતિ એટલે સ્વામી, ભગવાન. આ મૂંગા જીવોના સ્વામી છે તે ''પશુપતિનાથ'' આમ શિવજીનું એક નામ ''ૐ પરશુહસ્ય નમઃ'' છે.

આ મંદિર સાથે અનેક પ્રાચીન કથા જોડાયેલી છે. સ્કંધ પુરાણની કથા મુજબ એક સમયે ભગવાન શિવ તથા માતા પાર્વતી કાષ્ટમંડુની ઘાટી પર, બાગમતી નદીના કિનારે વિશ્રામ કરેલ આ જગ્યાનું નૈસર્ગિક સૌંદર્ય અત્યંત મનોહર લાગે. આથી તેમણે હરણ-હરણીનું રૂપ લઇ, ત્યાંના જંગલમાં પરિભ્રમણ કરી થોડો સમય નિવાસ કરેલ.

**વિનોદ એમ. મકવાણા**
''પંચવટી'' અમીપાર્ક, બી-૧ની બાજુમાં,
૧૫૦ ફીટ રીંગ રોડ, પી.વી.મોદી સ્કૂલ નજીક,
રાજકોટ, મો. ૯૪૨૭૨૦૦૦૯૬

કૈલાસમાં ઉમા-મહેશની ગેરહાજરીને કારણે દેવતાઓને ચિંતા થવા લાગી. આથી ઘણી જગ્યાએ શોધ્યા પછી બાગમતી નદી નજીક રમણીય જંગલમાં ભોળાનાથ મળી આવ્યા. બ્રહ્મા વિષ્ણુ સહિત તમામ દેવતાઓએ તેમને કૈલાસ પાછા ફરવા વિનંતી કરી. પણ શિવજીએ ઉદ્‌ઘોષણા કરી કે તેઓને આ પ્રદેશ ખૂબજ ગમે છે. તેથી અહીં શિવલીંગ સ્વરૂપે કાયમ રહેશે. હરણના રૂપમાં રહ્યા એટલે પશુપતિનાથ તરીકે ઓળખાશે.

શ્રી પશુપતિનાથ મંદિર દક્ષિણ એશિયાના સૌથી પુરાણું અને મહત્વપૂર્ણ ધાર્મિક સંકુલોમાંનું એક છે. જેનું ભવ્ય નિર્માણ ત્રીજી સદી પૂર્વે સોમદેવ વંશના પશુપતે નામના રાજાએ કરેલ હોવાનું મનાય છે. નેપાળની રોજધાની કાષ્ટમંડુ થી ૩ કિમિ ઉત્તર - પશ્ચિમમાં દેવયારન ગામમાં બાગમતી નદીના કિનારે આવેલું છે. આ પાવન સ્થળ ૨૪,૬૦,૦૦૦/- ચોરસ મીટરમાં ફેલાયું છે. અને ૮૧૭ મિટર ઉંચાઈ પર છે. આ મંદિરના બાંધકામમાં છત અને ટાવર વિસ્તાર પર સોનું જડેલ છે. દરવાજા પર ચાંદીની લાઈન છે. મંદિરમાં

મોટીબુલથી મૂર્તિને સોનાથી શણગારેલ છે.

શ્રી પશુપતિનાથના દર્શન માટે આ લખનાર તા ૨૧-૦૫-૨૦૨૫ના રોજ ગયેલ હતા. મુખ્ય દ્વારમાં પ્રવેશ કરતા એક વિશાળ કાય નંદીનો પાછલો ભાગ નઝરે પડે છે. પ્રથમ નંદીના દર્શન કરી, તેના મુખ સામે વિશાળ શિવલીંગ છે. આ શિવ સ્વરૂપના દર્શન કરતા, આપણા મુખમાંથી શબ્દો સરી પડે છે. ‘‘હે મોક્ષ સ્વરૂપ, વિભૂવ્યાપક, બ્રહ્મ અને વેદ સ્વરૂપ, ઈશાન દિશાના ઈશ્વર તથા સર્વ જીવોના સ્વામી હે પશુપતિનાથ હું આપને પ્રણામ કરૂ છું. ‘‘આમ પરમ શાંતિની અનોખી અનુભૂતિ થાય છે.

બરબ્રહ્મ શિવ સ્વરૂપ શીવલીંગને પાંચ મુખ છે. ચાર દિશામાં ચાર મુખ તથા ઉપરના ભાગમાં પાંચમું મુખ છે. આ પાંચ મુખ પાંચ મહાભૂતનું પ્રતિનિધિત્વ કરે છે. તેમજ શિવના પાંચ ગુણોનો પરિચય આપે છે. પશુપતિનાથ-મંદિર સ્થિત પાંચ મુખવાળા શિવલીંગના અલગ-અલગ નામનો ઉલ્લેખ શિવ અષ્ટોત્તરમાં ઉલ્લેખ છે. જેનું મહાત્મય નીચે મુજબ છે.

(૧) પૂર્વ મુખથી પશુપતિનાથને તત્પરૂપ કહે છે. આ મુખ શિવનું જ્ઞાન અને વિવેકપૂર્ણ લોકકલ્યાણ રૂપ છે. માટે કહીએ છીએ ૐ કલ્યાણ કલ્યાણુમાય નમઃ ૐ તત્પરૂપાય વિદમહે.

(૨) પશુપતિનાથનું પશ્ચિમ દિશા તરફનો મુખ સંઘોજાત છે. આ મુખ બાળક સમાન સૌમ્ય અને માસુમ દેખાય છે. માથા પર મુકુટ પહેરેલ હોવાથી પ્રભાવશાળી મુખ કલ્યાણકારી છે. ૐ પશુપતયે નમઃ

(૩) ઉત્તરનું મુખ પશુપતિનાથનું અર્ધનારીશ્વર રૂપ છે. જેમા એક બાજુ માતા પાર્વતીનું શક્તિ રૂપ તથા બીજી બાજુ અર્ધ-મહાદેવ છે. આ રૂપ સૃષ્ટિનું પ્રતિક છે. ૐ પાર્વતી પતેય નમઃ

(૪) શિવલીંગના દક્ષિણ દિશાના મુખને અઘોર મુખ કહે છે. આ શિવનું શાકાહારી રૂપ છ. દુષ્ટોનો વિનાશ કરી... રક્ષણ કરવાનું પ્રતિક મનાય છે. ૐ અઘોરાય નમઃ

(૫) પશુપતિનાથના સૌથી ઉપરના ભાગનો ઈશાન મુખ કહે છે. આ નિરાકાર મુખ છે. જેથી દરરોજ સ્નાન કરાવી ચંદનથી શ્રી યંત્ર બનાવી પૂજા કરવામાં આવે છે. આ પશુપતિનાથનું સૌથી શ્રેષ્ઠ મુખ છે. જે લોક કલ્યાણકારીના વરદાતા શિવરૂપ છે. ૐ ઈશાનાય નમઃ

આ પ્રકારની પાંચ શિવલીંગની મૂર્તિ, દુનિયામાં બીજે ક્યાંય નથી. જેની પરિક્રમા કરવાથી મનુષ્યને અત્યંત સુંદર અને શક્તિશાળી શરીરની પ્રપ્તિ થાય છે.

આવા શિવલીંગની પરિક્રમા કરી, પ્રાંગણમાં અન્ય સ્થિત વાસુકી મંદિર, લાલગણેશ, સુર્યનારાયણ, બુઢાનિલકંઠની મૂર્તિના દર્શન કરી, આર્યઘાટમાં ગંગા, મૃગેશ્વરને જળ ચડાવી ક્રમશ ચાડ નારાયણ, સરસ્વતી માતા, સન્નાનેશ્વર મહાદેવ, ભગવાન કૃષ્ણ, કૃતિમુખ ભૈરવ, યજ્ઞશાળા, નવદુર્ગા, નવગ્રહ... વિગેરેના દર્શન કરી, મુખ્ય મંદિરના પાંચમુખી શિવલીંગના પુનઃ દર્શન કરી, પ્રાંગણમાં હનુમાનજી તથા સત્યનારાયમના દર્શન કરી, ૐ પશુપતયે નમઃ નું સ્મરણ કરી અનોખી અનુભૂતિ સાથે પ્રવેશ દ્વારે પરત આવેલ.

એક માન્યતા અનુસાર જે કોઇ વ્યક્તિ આ પવિત્ર ધામના દર્શન કરે છે. તેનો ક્યારેય પશુયોનીમાં જન્મ થતો નથી. આ મંદિર પ્રાતઃ ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૯.૦૦ સુધી ખુલ્લુ રહે છે. સવારે ૫.૦૦ થી ૭.૦૦ સુધી લીંગ પુજા કરવામાં આવે છે. ૐ પશુપતયે યજમાનમૂર્તિયે નમઃ આવા પશુપતિનાથના ચરણોમાં સત્ સત્ સત્ નમન.

એલચી

મુઠ્ઠી મેં કુછ સપને લેકર
ભરકર જેબોમેં આશાએ,
દિલોમેં હે અરમાન યહી,
કુછ કર જાએ કુછ કર જાએ.

**સહકારી સંસ્થાઓમાં નવીનીકરણ, ટેક્નોલોજી અને સુસંચાલન**

***એકબીજા સાથે વધુને વધુ સુગ્રથિત રીતે જોડાયેલા અને ઝડપી ગતિશીલ વિશ્વમાં સહકારી સંસ્થાઓએ વ્યવહારુ અને સક્ષમ રીતે ટકી રહેવા માટે ઉભરતા પડકારો સાથે અનુકુલન સાધવું આવશ્યક છે. સહિયારી માલિકી અને લોકતાંત્રિક નિર્ણય પ્રક્રિયા પર આધારિત સંસ્થાો તરીકે સહકારી સંસ્થાઓ સુદિર્ઘ સમયથી આર્થિક સર્વસમાવેશિતા અને સમૂદાયિકા વિકાસને પ્રોત્સાહિત આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી આવી છે. જો કે આજે સહકારી સંસ્થાઓની સફળતા નવીનીકરણ અપનાવવા નવી ટેક્નોલોજી અપનાવવા અને સંગીન સુસંચાલન પધ્ધતિઓ સુનિશ્ચિત કરવા પર આધારિત છે. આને સમજવા માટે ઔદ્યોગિક ક્રાંતિની ઉત્ક્રાંતિ અને સહકારી સંસ્થાઓ પર તેની અસરો તેમ જ નવીનીકરણ અને ટેક્નોલોજી જે રીતે સુધારાયુક્ત સુસંચાલન તરફ દોરી જાય છે, તે પધ્ધતિને ચકાસવી આવશ્યક છે.***

યોગદર્શન

# પ્રાણાયામ કરવામાં રાખવાની કાળજી અને સાવધાની

સર્જનહાર ઈશ્વરે માનવ શરીરમાં શ્વસનતંત્રની અદભૂત વ્યવસ્થા કરી છે. નાક, નસકોરાં, શ્વાસનળી, ફેફસાં અને ઉદરપટલ શ્વસનતંત્રના અવયવો છે. આપણે સૂતા હોઈએ કે ચાલતા હોઈએ, વાતો કરતા હોઈએ કે જમતા હોઈએ પણ શ્વસનતંત્ર તો તેનું કાર્ય અવિરતપણે અટકયા વગર કરતું જ રહે છે. કુદરતી રીતે શ્વસનક્રિયા તો ચાલતી જ રહે છે. પરંતુ જયારે આપણી ઈચ્છા પ્રમાણે શ્વસનક્રિયા કરવામાં આવે તેને પ્રાણાયામ કહે છે.

પ્રાણાયામ એટલે શ્વાસને નિયમાનુસાર સંયમિત કરવો.સરળ ભાષમાં કહીએ તો ઈચ્છા મુજબ શ્વાસને ખેંચવો અને છોડવો. પ્રાણાયામ એટલે પ્રાણ + આયામ. પ્રાણ એટલે શ્વાસ, જીવ, જીવન, વાયુ, શક્તિ, બળ કે શૌર્ય. આત્માના અર્થમાં પણ પ્રાણ શબ્દ વપરાય છે.. પ્રાણ પંખેરુ ઉડી જવું. આયામ એટલે વિસ્તારવું, ખેંચવું, લંબાવવું કે સંયમિત કરવું. આમ, પ્રાણાયામ એટલે પ્રાણનું નિયમન. પ્રાણ એટલે જીવનશક્તિ. શ્વાસોશ્વાસના નિયમન દ્વારા નિયંત્રણ મેળવવાની ક્રિયાને પ્રાણાયામ કહે છે. પ્રાણાયામના અભ્યાસથી મનની સ્થિરતા પ્રાપ્ત થાય છે.

**કિરણ ચાંપાનેરી (યોગ સાધક)**
૧૦૪/૧૮૪૨ કૃષ્ણનગર,
સૈજપુર, અમદાવાદ - ૪૬
મો. ૯૬૬૨૮૩૩૨૬૮

શ્વાસોશ્વાસની ક્રિયામાં શ્વાસ લેવાની અને ઉચ્છશ્વાસ છોડવાની પ્રક્રિયા થાય છે. પ્રાણાયામની સાથે ત્રણ શબ્દો સંકળાયેલા છે. પૂરક, કુંભક અને રેચક. શ્વાસ લઈ ફેફસામાં વાયુ, પ્રાણને ભરવાની ક્રિયાને પૂરક કહે છે. લીધેલા વાયુને ફેફસામાં રોકવાની ક્રિયાને કુંભક કહે છે. ફેફસામાં રોકેલા શ્વાસને છોડવાની ક્રિયાને રેચક કહે છે.

સ્વામી સ્વાત્મારામ કૃત ‘‘હઠયોગ પ્રદીપિકા’’માં પ્રાણાયામની આઠ પધ્ધતિ બતાવાઈ છે. સૂર્યભેદન, શીતકારી, શીતલી, ભસ્ત્રિકા, ભ્રામરી, મૂર્છા અને પ્લાવિની એમ આઠ પ્રકારના પ્રાણાયામ છે. આ લેખમાં પ્રાણાયામ કરવામાં રાખવાની કાળજી અને સાવચેતી અંગે વાત કરીશું. નિસરણી કે સીડીમાં એક પછી એક પગથિયાં ઉપર પગ મૂકીને સરળતાથી ચડી શકાય છે. સીધાં જ ત્રીજે કે ચોથે પગથિયે પગ મૂકવાથી તકલીફ પડે અને પડી પણ જવાય. શરીરને નુકસાન થઈ શકે. અષ્ટાંગયોગના આઠ

પગથિયામાં પણ તેવું જ છે. યમનિયમનાં જીવનવ્યવહારમાં આચરણ પછી જ ત્રીજા પગથિયા આસનનો અભ્યાસ કરવામાં આવે તો જ અસરકાર પરિણામ મળે. આસન અભ્યાસમાં પ્રભુત્વ મેળવ્યા પછી જ પ્રાણાયામનો અભ્યાસ કરવો યોગ્ય છે.

હવા ભરેલું ઉપકરણ કઠણમાં કઠણ ખડકને વીંધી નાખે છે. પ્રાણાયામમાં સાધક એના ફેફસા અને શ્વાસનો ઉપયોગ કરે છે. સાધનનો યોગ્ય સમજપૂર્વક બરાબર ઉપયોગ કરવામાં ના આવે તો વાપરનાર અને સાધન બન્નેને નુકસાન થાય છે. હઠયોગ પ્રદીપિકાના અધ્યાય-૨ના શ્લોક-૧૬માં પ્રાણાયામ અંગે ચેતવણી આપી છે કે - 'વાઘ, સિંહ, હાથી જેવા પ્રાણીઓને ધીરે ધીરે કાળજીપૂર્વ કેળવવામાં આવે છે. તેવી જ રીતે સાધકની શક્તિ અને મર્યાદા ધ્યાનમાં રાખી ધીરે ધીરે તબક્કાવાર પ્રાણનો સંયમ સાધવાનો છે. નહીં તો સાધકનો વિનાશ થાય છે.'

સ્નાન કરી શુધ્ધ દેહ અને નિર્મળ મનથી આપણે મંદિરમાં પ્રવેશ કરીએ છે તેવી જ રીતે દેહમંદિરમાં પ્રવેશ કરતાં પહેલાં સ્વચ્છતાના નિયમોનું પાલન કરવું જોઈએ. પ્રાણાયામ કરતાં પહેલાં શૌચ, મળમૂત્રનું વિસર્જન કરવું.આમ કરવાથી બંધના પ્રયોગમાં સરળતા અને આરામ રહે છે. સ્નાન કરી શકય હોય તો સ્વચ્છ સફેદ સુતરાઉ ઢીલા વસ્ત્રો પહેરીને પ્રાણાયામ કરવા બેસવું જોઈએ.

પ્રાણાયામ હંમેશા ખાલી પેટે કરવા જોઈએ. ભોજન પછી છ કલાક થાય પછી જ પ્રાણાયામ કરવા. પ્રાણાયામ કરી રહ્યા પછી અર્ધા કલાક બાદ હળવો ખોરાક લેવો. ચાકોફી, પ્રવાહી પીણાં લીધા પછી અડધો કલાકે પ્રાણાયામ કરવા યોગ્ય છે.સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછીનો સમય પ્રાણાયામ કરવા માટે શ્રેષ્ઠ સમય છે. યોગસાધક માટે પ્રાણાયામનો આરંભ કરવાની શ્રેષ્ઠ ઋતુ પાનખર અને વસંત છે. આ સમયે હવામાન સપ્રમાણ હોય છે.

શાંત, ખૂલ્લી, સ્વચ્છ, શુધ્ધ હવાવાળી, જંતુમુક્ત જગ્યાએ પ્રાણાયામના અભ્યાસ કરવા બેસવું જોઈએ. અશોક, આસોપાલ, પીપળો કે લીમડાની નજીકમાં બેસીને પ્રાણાયામ કરવામાં આવે તો મનને શાંતિ અને વધુ ઓક્સિજનયુક્ત હવા મળે. શહેરી વિસ્તારમાં બહુમાળી ભવનોમાં રહેતા લોકો ગેલેરીમાં કે અગાશીમાં બેસીને પ્રાણાયામ કરી શકે છે.

પ્રાણાયામ નિયમિતપણે એક ચોક્કસ સમયે, સ્થળે અને આસને કરવા લાભદાયક છે. પ્રાણાયામના પ્રકારમાં ફેરફાર કરી શકાય છે.એક દિવસે સૂર્યભેદન તો બીજા દિવસ ભસ્ત્રિકા અને ત્રીજે દિવસ ઉદગીત કે ભ્રામરી પ્રાણાયામ કરી શકાય છે. શીતલી અને શિતકારી સિવાયના પ્રાણાયામમાં શ્વાસ માત્ર નાક દ્વારા જ લેવો. શુધ્ધ

વાતાવરણવાળા સ્થળે જ શીતલી અને શિતકારી પ્રાણાયામ કરવા હિતકારી છે. કારણ કે આ પ્રાણાયામમાં મોં દ્વારા શ્વાસ, હવા લેવામાં આવે છે. નાકમાં તો કુદરતી રોમરુંવાટીના કારણે હવા ગળાઈને શ્વાસનળીમાં થઈ ફેફસામાં જાય છે.પરંતુ મોંની અંદર આવી વ્યવસ્થા ન હોવાથી અશુધ્ધ હવા, બારિક રજકણો શ્વાસનળી અને ફેફસાને નુકસાન કરે છે. જમીન કે ફરસ પર શેતરંજી કે યોગામેટ પાથરી તેના ઉપર બેસી પ્રાણાયામ કરવા શ્રેષ્ઠ ગણાય. સિધ્ધાસન, વીરાસન, પદ્માસન અને બધ્ધકોણાસન (ભદ્રાસન) આસનો પ્રાણાયામ કરવા વધુ સગવડ ભર્યા છે.

પ્રારંભમાં પ્રાતઃકાળે અને સંધ્યા સમયે દસથી વધુ પ્રાણાયામ ન કરવા. શીતલી અને શિતકારી પ્રાણાયામ ગરમીના સમયમાં જ કરવાં જોઈએ. આ પ્રાણાયામ શીત પ્રદેશમાં, શીત ઋતુમાં અને કફ પ્રકૃતિવાળી વ્યક્તિએ ન કરવા.ભસ્ત્રિકા અને સૂર્યભેદન પ્રાણાયામ ગરમ પ્રદેશમાં અને પિત્ત પ્રકૃતિવાળી વ્યક્તિએ ન કરવા.બહેનોએ માસિક ધર્મના દિવસોમાં પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ નહીં. ગર્ભાવસ્થાના સાતમા માસ પછી બહેનોએ પેટ ઉપર દબાણ આવતા હોય તેવા પ્રાણાયામ ન કરવા.

પ્રાણાયામનો અભ્યાસ સમજીને કરવો જોઈએ. નવા સાધકો, અભ્યાસુએ કોઈ માર્ગદર્શકના માર્ગદર્શન હેઠળ પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ. પ્રાણાયામના ખોટા અભ્યાસ પ્રયોગથી શરીરતંત્રને હાની પહોંચે છે. અયોગ્ય અને ખોટી રીતના અભ્યાસથી દમ, કફ, ઉધરસ, આંખ, કાનની તકલીફ ઊભી થાય છે. જ્ઞાનતંતુના ઉશ્કેરાટનો ભોગ બને છે.હળવા, ધીમા, ઊંડા, દીર્ઘ, વ્યવસ્થિત શ્વાસોશ્વાસની ટેવ પડતા, અભ્યાસ થતાં ઘણો સમય લાગે છે.

પ્રાણાયામ શ્વાસોશ્વાસનું શાસ્ત્ર છે. જીવાત્માના શરીરમાં રહેલા પ્રાણ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલા પરમાત્માના પ્રાણ બ્રહ્મનો અંશ છે. યથા પિંડે તથા બ્રહ્માંડે પ્રાણાયામ દ્વારા વ્યક્તિના પ્રાણ અને વિશ્વપ્રાણ વચ્ચે સંવાદ અને સુમેળ સાધવાનો પ્રયત્ન કરવામાં આવે છે. શ્વાસોશ્વાસના સંયમ અને નિયમનથી મન શાંત થાય છે. મનની ચંચળતા દૂર થાય છે. પ્રાણાયામ કરતી વખતે આંખ બંધ રાખવામાં આવે છે જેથી મન બહારની દુનિયામાં ગમે ત્યાં ભટકતું નથી. પ્રાણ અને મન જયારે તલ્લીન બને, એકરૂપ થાય ત્યારે અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે! આ રીતે પ્રાણાયામ દ્વારા શ્વાસોશ્વાસ ઉપર પ્રભુત્વ મેળવીને સાધક ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવવા અષ્ટાંગયોગના ચોથા પ્રત્યાહારના પગથિયા ઉપર પગ મૂકે છે. ઓમ...

કૃષિજગત

# માઇક્રોગ્રીન્સનો અભિગમ (Concept of Microgreens)

માઈક્રોગ્રીન્સ એ નાના ખાવા યોગ્ય છોડ છે, જે વાવણી પછી ૭-૨૧ દિવસમાં કાપવામાં આવે છે. માઈક્રોગ્રીન્સ ફણગાવેલ કઠોળ અનાજ (સ્પ્રાઉટ) કરતાં મોટા પરંતુ બેબી ગ્રીન્સ કરતાં નાના હોય છે. માઈક્રોગ્રીન્સને ટ્રે, કુંડાં કે નાના પટ્ટામાં માટી/કોકોપીટમાં (નારિયેળમાંથી બનેલું એક કાર્બનિક માધ્યમ છે, જેનો ઉપયોગ વારંવાર હાઈડ્રોપોનિક્સ અને બીજ વાવણીના મિશ્રણ એમ બંનેમાં થાય છે). ખાસ કરીને ઈન્ડોર અથવા નિયંત્રિત જગ્યામાં ઉગાડવામાં આવે છે.

**ઉદાહરણ:**

**શાકભાજી:** મૂળા, બીટરૂટ, કોબી, બ્રોકોલી,

**કઠોળ:** મગ, મઠ, વટાણા, ચણા,

**અનાજ:** ઘઉં, જવ,

**હર્બ્સ:** ધાણા, તુલસી વગેરે.

- નાના ખેડૂતો માટે માઈક્રોગ્રીન્સનું મૂલ્ય (The value of microgreens fro small farmers)

**ડૉ. ફાલ્ગુની આર. પટેલ**
(અધ્યાપક)
ગુજરાત કો-ઓપરેટિવ મેનેજમેન્ટ સેન્ટર,
અમદાવાદ

**૧. ઓછા જમીનખંડની જરૂરિયાત**

- નાના ખેડૂતો પાસે ઘણી વખત હેક્ટરથી ઓછી જમીન હોય છે.
- માઈક્રોગ્રીન્સ નાની જગ્યા, છત, આંગણું કે ઈન્ડોર રેક પર નિયંત્રિત જગ્યામાં સરળતાથી ઉગાડી શકાય છે. વરસાદ પર આધાર રાખવો પડતો નથી.
- ઉપજાઉ જમીનની જરૂર નથી - ટ્રે. કોકોપીટમાં સરળતાથી ઉગાડી શકાય છે.



**૨. ઝડપી આવક ચક્ર**

- માત્ર ૭-૨૧ દિવસમાં કાપણી! મહીનામાં ઘણી વાર ઉપજ/ઉત્પાદન મેળવી શકાય છે.

- પરંપરાગત પાક (૩-૪ મહિના) કરતાં ઝડપથી આવક મળે છે.

**૩. ઓછા ખર્ચે વધુ મૂલ્યવાળો પાક**

- ઓછું પાણી, ખાતર અને કીટનાશક જરૂરી પડે છે.
- બીજ + કોકોપીટ/માટી + ટ્રે- મુખ્ય ખર્ચ.
- શહેરી બજાર, રેસ્ટોરન્ટ અને આરોગ્ય જાગૃત ગ્રાહકોમાં ૩૦૦-૬૦૦ પ્રતિ કિલોના પ્રીમિયમ ભાવે વેચી શકાય છે.

**૪. રોજગાર અને મહિલાઓને સશક્તિકરણ**

- શીખવામાં સરળ અને ઓછા પરિશ્રમથી સંભવ બની શકે છે.
- મહિલા અને યુવાનો ઘરમાં જ નાનાં માઈક્રોગ્રીન યુનિટ ચલાવી આવક ઊભી કરી શકે છે.
- પરિવાર માટે પૌષ્ટિક આહાર સાથે વધારાની આવક પણ ઊભી થાય છે.
- How to Set Up a Microgreens Lab in Small Area (નાની જગ્યામાં માઈક્રોગ્રીન્સ લેબ સ્થાપવા માટે)

**૧. જગ્યા અને ગોઠવણી**

- હવાનું સારું વહન ધરાવતી રૂમ, બાલ્કની, ટેરેસ અથવા નાનો હોલ પસંદ કરી શકો છો.
- સ્વચ્છ, જીવાત રહિત અને હવાનું સારું વહન થાય તેવા રૂમની પસંદગી કરવી.

**૨. મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

- શેલ્ફ/રેકઃ મલ્ટી-લેયર રેક (૩-૫ સ્તર-ઘોડો) - વર્ટિકલ જગ્યાનો ઉપયોગ.
- ટ્રેઃ સ્ટાન્ડર્ડ (૧૦×૨૦ ઈંચ) બીજ વાવણી ટ્રે જેમાં પાણી નીકળવાનું છિદ્ર આપેલું હોય છે.
- ઉગાડવાનું માધ્યમઃ કોકોપીટ, વર્મિક્યુલાઈટ.
- પાણી આપવાની પદ્ધતિઃ હેન્ડ સ્પ્રેયર,
- પ્રકાશઃ કુદરતી સૂર્યપ્રકાશ જો ઉપલબ્ધ હોય તો.
- LED ગ્રો લાઈટ (૧૮-૨૦ કલાક પ્રકાશ ચક્ર) જો ઈન્ડોર હોય તો.

**૩. ઉગાડવાની પ્રક્રિયા**

૧. બીજની પસંદગી-ઓર્ગેનિક બીજ વાપરવા,

૨. બીજ ભીજવવું-સૂરજમુખી, વટાણા જેવા બીજ ૮-૧૨ કલાક પલાળી રાખવા પડે છે.

૩. ટ્રે તૈયાર કરવી-કોકોપીટ કે માધ્યમ ભરીને સમાન રીતે તૈયાર કરવી.

૪. વાવણી- ટ્રેના એક-એક ખાનામાં બીજ મૂકવા અને હળવેથી દબાવવા.

૫. ઢાંકવું-પાતળા સ્તરથી કે બીજી ટ્રેથી ઢાંકી ૨-૩ દિવસ અંધકારમાં રાખવું (જ્યાં સુધી અંકુરીત ન થાય ત્યાં સુધી).

૬. પાણી આપવું-હળવું સ્પ્રે કરો, વધુ ભીંજાવવું નહિ.

૭. પ્રકાશ અને વૃદ્ધિ - અંકુરણ પછી સૂર્યપ્રકાશ અથવા LED લાઈટમાં મૂકો.

૮. કાપણી - મૂળ ઉપર કાતરથી કાપો (૭-૨૧ દિવસ).

**૪. સ્વચ્છતા અને લેબ મેનેજમેન્ટ**

- પાણી સ્વચ્છ, RO અથવા ફિલ્ટર વાળું વાપરવું.
- દરેક ચક્ર પછી ટ્રે સેનિટાઇઝ (ચોખ્ખી) કરવી.
- તાપમાન ૧૮-૨૫°C વચ્ચે રાખવું (વધુ ભેજ ટાળો, ફૂગથી બચો).

**૫. માર્કેટિંગ અને ઉપયોગ**

- માઇક્રોગ્રીન્સમાં ભરપૂરમાત્રમાં પ્રોટીન, વિટામિન, ખનિજ તત્વો અને એન્ટીઑક્સિડન્ટથ આવેલા હોવાથી શહેરી વિસ્તારો, સુપરમાર્કેટ, હોટેલ તેમજ કેફેમાં માંગ વધી રહેલી છે.
- ૫૦-૧૦૦ ગ્રામ પેકમાં સુપરમાર્કેટમાં સપ્લાય કરી શકો છો.
- ઓનલાઈન હોમ ડિલિવરી વિકલ્પ પણ ઉપલબ્ધ છે.
- Conclusion (નિષ્કર્ષ)

માઈક્રોગ્રીન્સ પૌષ્ટિક સુરક્ષા અને રોજગાર તકો-બન્ને બાબતો માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમાં પ્રોટીન, વિટામિન, ખનિજ અને એન્ટીઑક્સિડન્ટ્સ ભરપૂર પ્રમાણમાં હોય છે, જેના કારણે તે માનવ આરોગ્ય માટે અત્યંત લાભદાયક છે અને દૈનિક આહારમાં સહેલાઈથી સામેલ કરી શકાય છે. નાના અને સીમાંત ખેડૂતો માટે તે ઓછી કિંમતનું. ઝડપી આવક આપતું ખેતી વિકલ્પ છે, જે બહુ ઓછી જમીન અને સંસાધનોમાં પણ પ્રીમિયમ ભાવ મેળવવામાં મદદરૂપ થાય છે. ટૂંકા પાકચક્ર, આબોહવા ફેરફારો સામેની પ્રતિરોધકતા અને મહિલા તથા યુવાનોની ભાગીદારી જેવી વિશેષતાઓને કારણે માઇક્રોગ્રીન્સ એક ટકાઉ વિકલ્પ તરીકે ઊભર્યા છે, જે કુટુંબને પૌષ્ટિક્તા સાથે સાથે ખેડૂતોને વધારાની આવક અને વૈવિધ્યતા બંને પ્રદાન કરે છે. આમ, નાના ખેડૂતો માટે માઇક્રોગ્રીન્સ એક ટકાઉ, ઓછી કિંમતવાળું અને વધુ મૂલ્યવાળું પાક છે, જે ઓછી જમીન અને સાધનોમાં પણ ઝડપી આવક, પૌષ્ટિક લાભ અને બજારની તકો પૂરી પાડે છે.

કૃષિ જગત

# પ્રાકૃતિક ખેતી

ખેડૂત ભાઈઓ! શું તમે ક્યારેય વિચાર કર્યો છે કે, જંગલનાં વૃક્ષોને યુરિયા અથવા ડી.એ.પી. કોણ આપે છે? જંતુનાશક દવાઓનો છંટકાવ કોણ કરે છે? વૃક્ષોને પાણી કોણ આપે છે? આમ છતાં ફળ આવવાના સમયે જંગલનાં વૃક્ષો ફળોથી લદાઈ જાય છે. તમો જંગલના કોઈપણ વૃક્ષ કે વનસ્પતિનું પર્ણ લઈને કોઈપણ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવો, એક પણ પોષક તત્ત્વની ઉણપ જોવા મળશે નહીં. જંગલમાં જે નિયમ કામ કરે છે, તે જ નિયમ આપણા ખેતરમાં કામ કરવો જોઈએ, તેનું જ નામ છે, ‘‘પ્રાકૃતિક ખેતી’’. પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય ખેતી પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે. આવા ખેતી પાકો એકબીજાને પોષણ આપે છે. મુખ્ય ખેતી પાકનો ઉત્પાદન ખર્ચ સહજીવી પાકના ઉત્પાદન અને આવકથી નીકળી જાય છે અને મુખ્ય પાક બોનસના રૂપમાં મળે છે, જેનાથી ખેડૂતનો ખેતી ખર્ચ બહુ જ ઓછો થઈ જાય છે. પ્રાકૃતિક ખેતીમાં ખેતી પાકને વૃદ્ધિ માટે અને ઉત્પાદન લેવા માટે જે જે સંસાધનોની જરૂરિયાત પડે છે તે બધા ઘરમાં જ ઉપલબ્ધ થાય છે, કોઈપણ હાલતમાં બજારમાંથી ખરીદીને લાવવા પડતા નથી. પ્રાકૃતિક ખેતીનો નારો છે. ‘‘ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં’’. ખેડૂત ભાઈઓ! આવી રીતે આપણા દેશનો પૈસો દેશમાં રહેશે, દેશનો પૈસો વિદેશ જશે નહીં પરંતુ, વિદેશનો પૈસો દેશમાં લાવીશું, આ છે પ્રાકૃતિક ખેતી.

**રાજેશ્રીબા ડી. ઝાલા**
સ્ટાઇ.મહિલા સી.ઈ.આઈ.
અમરેલી જિલ્લા સહકારી સંઘ

**ભૂમિ અન્નપૂર્ણા છેઃ**

ખેડૂત મિત્રો! આપણી ભૂમિ અન્નપૂર્ણા છે. ખેતી પાકોની વૃદ્ધિ માટે જે સંસાધન જોઈએ તે તેના મૂળની પાસે જમીનમાં અને પર્ણોની પાસે વાતાવરણમાં જ પૂરતા પ્રમાણમાં હાજર હોય છે, ઉપરથી કંઈ પણ આપવાની જરૂર રહેતી નથી. આપણા ખેતી પાકો જમીનમાંથી ફક્ત ૧.૫ થી ૨% ખનીજ તત્ત્વો લે છે. બાકીના ૯૮થી ૯૮.૫ ટકા હવા, સૂર્યપ્રકાશ અને પાણી દ્વારા લે છે. તમારે ઉપરથી કોઈપણ રાસાયણિક ખાતર

અથવા ઝેરી જંતુનાશક દવાઓ નાખવાની જરૂરિયાત રહેતી નથી. જ્યારે ખેતી પાકનું ૯૮% શરીર હવા અને પાણીથી જ બનતું હોય તો ઉપરથી કોઈપણ સંસાધન નાખવાની જરૂર જ ક્યાં ઊભી થાય છે? કોઈપણ લીલું પાન (વૃક્ષ અથવા છોડવાનું) દિવસ આખો પ્રકાશ સંશ્લેષણ ક્રિયા દ્વારા ખોરાક પેદા કરે છે. આ પાન ખોરાક નિર્માણ કરવાનું કારખાનું છે.

૧. તે હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ લે છે.
૨. તે જમીનમાંથી મૂળ દ્વારા ચોમાસાના વરસાદ અથવા કૂવા કે પાણીના તળાવમાંથી આપવામાં આવેલું પાણી ઉઠાવે છે.
૩. તે સૂર્યપ્રકાશ લે છે. (પ્રતિ સ્ક્વેર ફૂટ પ્રતિ દિન ૧૨.૫ કિલો કેલરી)

આ ત્રણેય વસ્તુઓમાંથી વનસ્પતિ ખોરાક તૈયાર કરે છે. કોઈપણ વનસ્પતિનું લીલું પાન દિવસમાં ૧૦ કલાકના સૂર્યપ્રકાશ દરમિયાન પ્રતિ વર્ગ ફૂટ ક્ષેત્રના હિસાબે ૪.૫ ગ્રામ ખોરાક તૈયાર કરે છે. આ ૪.૫૦ ગ્રામ ખોરાકમાંથી ૧.૫ ગ્રામ દાણા અથવા ૨.૨૫ ગ્રામ ફળ કે અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવા માટે ખોરાક છોડને મળી જાય છે. ખોરાક બનાવવા માટે જરૂરિયાત મુજબ હવા, પાણી અને સૌર ઊર્જા પ્રકૃતિમાંથી લે છે, જે બિલકુલ મફત મળે છે. બાકી રહેલ ૧.૫ થી ૨ ટકા ખનીજો મૂળ દ્વારા જમીનમાંથી લે છે તે પણ મફતમાં જ મળે છે અને તે જમીનમાંથી જ મેળવી લે છે, કારણ કે તે મૂળભૂત રીતે અન્નપૂર્ણા છે. જ્યારે આ વાસ્તવિકતા છે કે, કંઈ પણ નાખ્યા વગર જંગલનાં વૃક્ષો વર્ષો વર્ષ અગણિત ફળો આપે છે, તો તેનો અર્થ એ થયો કે, તે વૃક્ષોનાં મૂળ પાસે જમીનમાં જરૂરી તમામ પોષક તત્ત્વો પહેલાંથી જ હાજર છે. જો આ તમામ જરૂરી પોષક તત્ત્વો જમીનમાં ઉપલબ્ધ ન હોય તો વૃક્ષ, વનસ્પતિ છોડને ઉપલબ્ધ થાત નહીં. તમે જંગલના કોઈપણ વૃક્ષ, વનસ્પતિનું પાન તોડો અને તેનું પ્રયોગશાળામાં પરીક્ષણ કરો, તમોને તેમાં કોઈપણ ખાદ્યતત્ત્વોની ઊણપ જોવા મળશે નહીં. તેનો અર્થ છે કે, તમામ પ્રકારના પોષક તત્ત્વોથી જમીન પરિપૂર્ણ છે. આપણે પોષક તત્ત્વો નાખ્યાં નહીં તેમ છતાં મૂળને મળી ગયાં. તેનો મતલબ છે કે આ તત્ત્વો જમીને આપ્યા. તે તમામ પોષક તત્ત્વો જમીનમાં પહેલાંથી જ મોજૂદ હતાં. જમીન અન્નપૂર્ણા છે, પાલનહાર છે. જમીનમાં બધા જ પ્રકારનાં તત્ત્વો હાજર છે, ઉપરથી કંઈ પણ નાખવાની જરૂર રહેતી નથી.

ખેડૂત મિત્રો! જો પ્રાકૃતિક પદ્ધતિ થી ખેતી કરવામાં આવે તો આપણે બહારથી ખાતર કે દવાઓ લાવવાની જરૂર પડશે નહીં. જંગલમાં રાસાયણિક ખાતરો નાખવાની જરૂર કેમ પડતી નથી? જો તમે જંગલમાં જાવ અથવા તો ખેતરના શેઢા ઉપર જોશો તો ત્યાં તમને ફળોથી લદાયેલ આંબા, બોર, જાંબુ, અથવા આંબલીના વિશાળ વૃક્ષો ઊભા જોવા મળશે. આ વૃક્ષો ઉપર માનવીય સહાયતા વગર પોતાની મેળે દર વર્ષે દુષ્કાળમાં પણ અગણિત ફળો આવે છે. જંગલમાં તો આપણે કંઈ પણ નાખતા નથી પરંતુ વૃક્ષોને તમામ તત્ત્વો પોતાની મેળે મળી જાય છે. જંગલમાં ખેડ પણ ક્યાં થાય છે? છતાં પણ દર વર્ષે અગણિત ફળો કઈ રીતે લાગે છે?

વર્ષ, ૧૯૨૪માં ક્લાર્ક અને વોશિંગ્ટન નામના બે ભૂગર્ભ વૈજ્ઞાનિકો ભારતમાં આવ્યા. બર્માશેલ નામની તેલ શોધક કંપનીએ તેઓને ભારતની જમીનમાં બોર કરીને ખનીજ તેલની શોધ કરવા માટે મોકલ્યા હતા. તેઓએ ૧૦૦૦ ફૂટ સુધી બોર કર્યો અને દર ૬ ઇંચ જમીનની માટીને પ્રયોગશાળામાં મોકલી પૃથક્કરણ કરાવ્યું. તે વૈજ્ઞાનિક પરીક્ષણનું પરિણામ બતાવે છે કે, જમીનમાં તમે જેટલા ઊંડા જશો તેટલા જ વધારે પ્રમાણમાં બધા જ પ્રકારનાં ખનીજ તત્ત્વો હાજર હોય છે. જમીન બધાં જ ખનીજ તત્ત્વોથી પરિપૂર્ણ છે, જમીન અન્નપૂર્ણા છે. જમીનમાં કોઈ તત્ત્વોની ઊણપ નથી, તેથી તેમાં ઉપરથી કંઈ પણ આપવાની જરૂર નથી.

**જમીન (માટી)નું પૃથ્થકરણઃ**

જમીનના પૃથક્કરણમાં તો અનેક વખત જોવા મળ્યું કે, જમીનમાં પોષક તત્ત્વોની ઊણપ હોતી નથી. તેમ છતાં વધુ ઉત્પાદન મળતું નથી. આવું જમીનની ભૌતિક અને જૈવિક સ્વાસ્થ્યની ઊણપના કારણે થતું હોય છે. આવી જમીનમાં છોડવાઓને પૂરતા પ્રમાણમાં ભેજ અને પોષક તત્ત્વો ઉપલબ્ધ થતાં નથી અને વાપ્સા તેમ જ હ્યુમસ નિર્માણ થઈ શકતું નથી. જો જમીનના જૈવિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ જાય તો ઓછા પ્રમાણમાં પોષક તત્ત્વો ઉપલબ્ધ હોવા છતાં પણ સારુ ઉત્પાદન લઈ શકાય છે. પ્રાકૃતિક ખેતીમાં આ ગુણ જમીનમાં આપમેળે જ ઉપલબ્ધ થઈ જાય છે.

જમીનના પૃથક્કરણમાં તે પણ જોવા મળ્યું કે કેટલાંય પોષક તત્ત્વ જમીનની નીચેની પ્રતમાં જમા થઈ જાય છે. નીચેની જમીન અન્નપૂર્ણા છે. નીચેની જમીનમાંથી જમીનની ઉપરની સપાટીએ પોષક તત્ત્વો લાવવાનું કાર્ય પાનખરમાં ખરી પડેલાં સૂકા

પર્ણોનું વિઘટન અને કેશાકર્ષણ શક્તિ દ્વારા તેમ જ આપણા દેશી અળસિયાંઓ કરે છે. તે પોષક તત્ત્વોને ખેંચીને ઉપર લાવીને પોતાની વિષ્ટાના માધ્યમથી મૂળને ઉપલબ્ધ કરાવવાનું મહાન કામ કરે છે. તમે જો જમીન ઉપર પડેલા દેશી ગાયના ગોબરને ઉઠાવશો, તો તમને જમીન ઉપર, જ્યાંથી તમે ગોબર ઉપાડેલું છે, ત્યાં બે ત્રણ છિદ્રો જોવા મળશે. આ છિદ્રો આપણા દેશી અળસિયાં કરે છે. તેનો મતલબ કે, દેશી ગાયના ગોબરમાં દેશી અળસિયાંને ઉપર ખેંચવાની અદ્‌ભૂત તાકાત છે. દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ ઉપયોગી ભોજન ઉપલબ્ધ કરાવવાવાળા સૂક્ષ્મ જીવાણુઓ હોય છે. એક એકર જમીન માટે કેટલું ગોબર જોઈએ? એક મહિનાની અંદર ઓછામાં ઓછા એક વખત પ્રતિ એકર દેશી ગાયનું ૧૦ કિલોગ્રામ ગોબર ઉપયોગમાં લેવાની જરૂર છે. એક દેશી ગાય એક દિવસમાં સરેરાશ ૧૧ કિલોગ્રામ ગોબર, એક દેશી બળદ દિવસમાં સરેરાશ ૧૩ કિલોગ્રામ ગોબર અને એક ભેંસ દિવસમાં ૧૫ કિલોગ્રામ ગોબર આપે છે. એક ગાયનું એક દિવસનું ગોબર એક એકર જમીન માટે એક મહિના માટે પૂરતું છે. આવી રીતના એક ગાયથી ૩૦ એકર ખેતીને એક મહિનામાં પોષણ પૂરું પાડી શકાય.

પદ્મશ્રીથી સન્માનિત સુભાસ પાલેકર કહે છે, મેં જંગલમાં ફળ આપતા વૃક્ષની નીચે અનેક પ્રકારની વનસ્પતિઓને ઉગતી જોઈ છે. મેં તેનું વર્ગીકરણ કર્યું. મને વનસ્પતિની ૨૬૮ જાતિની પ્રજાતિઓ મળી. તેમાં ત્રણ ચતુર્થાંશ દ્વિદળ છોડવાઓ અને એક ચતુર્થાંશ એક દળ છોડવાઓનું પ્રમાણ જોવા મળ્યું. હું વિચારવા લાગ્યો કે, પ્રકૃતિએ દ્વિદળ પ્રકારના છોડવાઓની સંખ્યા ત્રણ ગણી શા માટે રાખી? તેનો મતલબ છે કે, પ્રકૃતિને તેની જરૂર છે. દ્વિદળ છોડવામાં પ્રોટીનનું પ્રમાણ વધારે હોય છે. પ્રોટીનમાં સૌર ઊર્જા બહુ જ ભરેલી પડી હોય છે. જ્યારે બીજ પક્વ થઈને નીચે પડી જાય છે તો, તેમાં રહેલી ઊર્જા જીવાણુઓને મળે છે, જેનાથી જીવાણુઓની સંખ્યા બહુ જ ઝડપથી વધે છે. મેં વિચાર્યું કે શા માટે દ્વિદળ વનસ્પતિના લોટનો ઉપયોગ ગોબર, ગૌમૂત્ર તેમ જ ગોળની સાથે કરવામાં ન આવે? મેં તુરંત જ અલગ અલગ પ્રમાણમાં આ લોટ નાખીને પ્રયોગ શરૂ કર્યા. પરિણામ બહુ જ ચમત્કારિક મળ્યું. પ્રયોગોના અંતે મળ્યું તેને નામ આપ્યું ''જીવામૃત'' એટલે કે જીવ અમૃત.

જાગરૂકતા

# ભારતમાં દર વર્ષે ૧.૫૨ લાખ કરોડના ૨૦૦ લાખ ટન શાક ફળોનો બગાડ

નાબકોન્સ સંસ્થાના અહેવાલ મુજબ, ભારતમાં ૭૩.૬ લાખ ટન ફળો અને ૧.૨ કરોડ ટન શાકભાજીનો બગાડ થાય છે, જે વાર્ષિક રૂ. ૧.૫૨ લાખ કરોડથી વધુ થાય છે. આ દેશમાં ઉત્પાદીત થતાં ફળોના ૬-૧૫ ટકા અને શાકભાજીના ૫-૧૨ ટકા જેટલું છે, જે ભારતના કૃષિ ગ્રોસ વેલ્યુ એડેડના ૩.૭ ટકા જેટલું છે. ખાદ્ય બગાડનો રૂ. ૧.૫૨ લાખ કરોડનો આંકડો માત્ર આર્થિક બગાડ જ નથી દર્શાવતો, પરંતુ ૧૨.૫ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોના સમય અને શ્રમનો બગાડ, કિંમતી ભૂગર્ભજળ, ઊર્જા અને અન્ય ઇનપુટ્સનો બગાડ, જીડીપી ક્ષમતા ગુમાવવી અને ૧૯.૪ કરોડ ભારતીયો કુપોષિત રહેવાથી ભૂખમરો દૂર કરવાની તકનું પ્રતિનિધિત્વ કરે છે.

આર્થિક રીતે, આ કચરો ભારતની ક્ષમતા પર દબાણ લાવે છે. મેકકિન્સીનો અંદાજ છે કે માળખાકીય સુધારા સાથે, ભારતનું કૃષિ ક્ષેત્ર ૨૦૩૫ સુધીમાં રૂ.૧૨૦ લાખ કરોડ અને ૨૦૪૭ સુધીમાં રૂ.૨૬૫ લાખ કરોડ સુધી વધી શકે છે. પરંતુ જો વાર્ષિક રૂ.૧.૫ લાખ કરોડનો ખોરાક ફેંકી દેવામાં આવે તો આવી વૃદ્ધિ મુશ્કેલ છે. ઘઉં અને ચોખાથી વિપરીત, નાશવંત વસ્તુઓમાં લઘુત્તમ ટેકાના ભાવની સલામતી જાળનો અભાવ જોવા મળી રહ્યો છે.

ફળો અને શાકભાજીને ટેકાના ભાવ હેઠળ લાવવાની જરૂર છે, તેને એક સંપૂર્ણ સબસિડી તરીકે નહીં પરંતુ એક વ્યૂહાત્મક હસ્તક્ષેપ તરીકે સ્થાન આપવું જોઈએ. જે ભાવ સ્થિરતા, ખેડૂત રક્ષણ અને બગાડને કારણે થતા નુકસાનને ઘટાડવા તરફ દોરી જશે. આ સંદર્ભ મોડેલમાં વધુ પડતા પુરવઠાના સમયમાં લઘુત્તમ આધાર ભાવ પ્રદાન કરવા, કોલ્ડ ચેઈન, વિશિષ્ટ પરિવહન, વેરહાઉસ અને અન્ય માળખાગત સુવિધાઓ જેવી સપ્લાય ચેઈન પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પોતાને ઉધાર આપે છે. ખાદ્ય બગાડ ઘટાડવા ઉપરાંત, નાશવંત વસ્તુઓ માટે ટેકાના ભાવ પાક વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપશે, પર્યાવરણીય પ્રદૂષણ પર લગામ લગાવશે. જ્યારે ગ્રામીણ અર્થતંત્રમાં વધારો કરશે અને એમએસએમઈને સશક્ત બનાવશે.

જોકે, બધા ફળો અને શાકભાજી કોલ્ડ

સ્ટોરેજ માટે યોગ્ય નથીઃ કોબીજ ફ્રીઝથી નુકસાન પામે છે, કાકડીઓ અને ટામેટાં નરમ પાણીવાળા વાસણમાં ફેરવાય છે. આ પ્રતિબંધો સમાંતર વ્યૂહરચના તરીકે ફૂડ પ્રોસેસિંગ સાથે મૂલ્યવર્ધનની મૂળભૂત જરૂરિયાત દર્શાવે છે, આ નાશવંત ઉત્પાદનોની વેચાણક્ષમતા અને નિકાસ ક્ષમતાને મજબૂત કરવા માટે તેમને પ્રોસેસિંગ દ્વારા સરળતાથી ફળોના રસ, ડુંગળીના ટુકડા, ટામેટાંનો સોસ, આદુની પેસ્ટ, બટાકાની સ્ટાર્ચ, જામ, જેલી અને અથાણાં જેવા ઉત્પાદનોમાં રૂપાંતરિત કરી શકાય છે. આ નિકાસો માત્ર મૂલ્યવાન વિદેશી હૂંડિયામણ સાથે રાજ્યના નાણાકીય સ્તરને મજબૂત બનાવશે એટલું જ નહીં પરંતુ વૈશ્વિક કૃષિ પ્રક્રિયા ખેલાડી તરીકે દેશની પ્રતિષ્ઠા પણ વધારશે.

### હું તો હેતે પરણાવું મારાં ઠાકરને

હું તો હેતે પરણાવું મારાં ઠાકરને (૨)
મારાં ઠાકરને મારાં ઠાકરને. હું તો...
રહેજો રહેજો (૩) સાહેલી સંગાથ.
ઠાકરને મારાં ઠાકરને.. હું તો....
આસોપાલવના તોરણ બંધાવું,
ફૂલોથી આંગણ રૂડાં સજાવું
હું તો શણગારું નગરીના દ્વાર, પરણાવું...
રૂડાં મંગળિયા ને ગીતો ગવડાવું,
વાજતે ને ગાજતે ઢોલ વગડાવું,
હાથી ઘોડાને કરું શણગાર,.પરણાવું...
મોંઘો તે મૂલો શણગાર લાવી,
ઠાકર ને મારે હાથે શણગારી,
લાગે રૂપ રૂપનો અંબાર, પરણાવું...
હરખે ફુલેકુ એનું શણગાર્યું,
નાગરી નાતને નોતરું રે આપ્યું,
જાનૈયા સૌ છે તૈયાર, પરણાવું....
દેવોની દેવીઓ સંગાથે આવીયા,
ફૂલોની વર્ષા કરતાં રે આવીયા,
નાચે યાદવ કુળની જાન, પરણાવું...
સખીયો હરખે સામૈયા કરજો,
હરખે એનાં ઓવારણા કરજો,
પછી આવું હું વધાવવા કાજ, પરણાવું...
સોના ચાંદીના બાજઠ ઢાળજો,
પાસે તુલસીજીને બેસાડજો,
ફેરા ફરશે બંને સંગાથ. પરણાવું...
નવદંપતીની આગતા રે કરતાં,
ભક્તજનોના હૈયાં છલકતાં,
'શુક'તો દિલથી વારી જાય,પરણાવું...

– જિજ્ઞાસા યુ. જોષી 'શુક'

## ‘સહકાર’ પાક્ષિક અને ‘ગ્રામસ્વરાજ’ માસિકના જાહેરાતના દર

### તા. ૧-૧૦-૨૦૨૪ થી

| સહકાર પાક્ષિક | એકવાર | ત્રિમાસિક | છ માસિક | વાર્ષિક |
|---|---|---|---|---|
| ૧. આખું પાન | ૬,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૦,૦૦૦/– | ૧,૦૦,૦૦૦/– |
| ૨. અડધું પાન | ૪,૦૦૦/– | ૨૦,૦૦૦/– | ૪૦,૦૦૦/– | ૯૦,૦૦૦/– |
| ૩. પા પાના | ૩,૦૦૦/– | ૧૫,૦૦૦/– | ૩૦,૦૦૦/– | ૬૫,૦૦૦/– |
| ૪. શુભેચ્છા | ૨,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૮,૦૦૦/– | ૪૦,૦૦૦/– |

સહકાર પાક્ષિકમાં જાહેરાતના છુટક ભાવ : એક કોલમ સે.મી. રૂા. ૧૨૫/–

**‘સહકાર’ વિશેષાંક : ૨૦૨૫ થી**

| | | |
|---|---|---|
| ૧. | ટાઈટલ પાન – ૪ | ૪૦,૦૦૦/– |
| ૨. | ટાઈટલ પાન – ૨ / ૩ | ૨૫,૦૦૦/– |
| ૩. | આર્ટ પેપર ફોર કલર | ૧૫,૦૦૦/– |
| ૪. | અંદરનું આખું પાન | ૭,૫૦૦/– |
| ૫. | અંદરનું અડધું પાન | ૫,૦૦૦/– |
| ૬. | અંદરનું પા પાન | ૩,૦૦૦/– |

## જાહેરાતોમાં બેંકોના સરવૈયાં - બેલેન્સશીટ્સનો દર પાના દીઠ રૂા. ૧૦,૦૦૦/-

| ‘ગ્રામસ્વરાજ’ માસિક | એકવાર | વાર્ષિક |
|---|---|---|
| ૧. ટાઈટલ પાન – ૪ | ૫,૦૦૦/– | ૫૦,૦૦૦/– |
| ૨. ટાઈટલ પાન – ૨ / ૩ | ૪,૦૦૦/– | ૪૦,૦૦૦/– |
| ૩. અંદરનું આખું પાન | ૩,૦૦૦/– | ૩૦,૦૦૦/– |
| ૪. અંદરનું અડધું પાન | ૨,૦૦૦/– | ૨૦,૦૦૦/– |
| ૫. પા પાન | ૧,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| ૬. શુભેચ્છા | ૫૦૦/– | ૫,૦૦૦/– |

GRAMSWARAJ GUJ. MONTHLY RNI No. 1799/57 Permitted to post at Ahmedabad P.S.O. on tenth of every month under postal Regd. No. GAMC 38/2024-26 issued by S.S.P. Ahmedabad valid upto 31-12-2026, Licence to Post without prepayment No. PMG/NG/049/2024-26 valid upto 31-12-2026 (Published on : 10-11-2025)

# 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમ (તા. 14 નવેમ્બરથી 20 નવેમ્બર-2025 )

સહકારના હેતુઓ અને ઉદ્દેશોને અનુરૂપ સહકારના જૂસ્સા અને મૂલ્યોને વ્યાપક પ્રસિદ્ધિ આપવાના ઉદ્દેશ્યથી નેશનલ કો-ઓપરેટિવ યુનિયન ઓફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી (એનસીયુઆઇ,) દ્વારા પ્રતિવર્ષ તા.૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર દરમિયાન અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. તદઅનુસાર આ વર્ષે પણ એનસીયુઆઈ દ્વારા તા. ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ૭૨મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણીનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. સહકાર સપ્તાહની ઉજવણી પાછળનો મુખ્ય હેતુ સહકારી ચળવળની સિદ્ધિઓ અને સાફલ્ય ગાથા અંગે જનજાગૃતિ લાવવાનો અને સહકારી ચળવળને વધુ સુદઢ અને મજબૂત કરવા માટે પ્રભાવક એકશન પ્લાન (કાર્યયોજના) ઘડી કાઢવાનો છે. ૭૨મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણીના સપ્તાહભરના કાર્યક્રમ દરમિયાન પરિસંવાદો, કાર્યશાળાઓ, ચર્ચા-સંગોષ્ઠી, વકતૃત્વ સ્પર્ધાઓ, યુવાનો માટે ક્વિઝ સ્પર્ધા અને અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. સહકાર સપ્તાહની ઉજવણીનું મુખ્ય વિષયવસ્તુ અને પેટાવિષય વસ્તુ નીચે મુજબ રહેશે :-

**આ વર્ષેના અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણીનું મુખ્ય વિષય વસ્તુ આપ્રમાણે છે.**

**"આત્મનિર્ભર ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે."**

**૭૨મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમ**

| | | | |
|---|---|---|---|
| (1) | તા.14-11-2025 | શુક્રવાર | સહકારી ક્ષેત્રે કાર્યક્ષમતા, જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજિટલાઈઝેશનને પ્રોત્સાહન આપવું. |
| (2) | તા.15-11-2025 | શનિવાર | ત્રિભુવન સહકારી યુનિવર્સિટી દ્વારા સંશોધન અને સહકારી શિક્ષણમાં પરિવર્તન થશે. |
| (3) | તા.16-11-2025 | રવિવાર | સહકારી સંસ્થાઓ ધ્વારા ગ્રામીણ વિકાસને મજબૂત બનાવવા. |
| (4) | તા.17-11-2025 | સોમવાર | ભારતની સહકારી પ્રવૃત્તિ માટે રાષ્ટ્રિય સહકારી નીતિ આર્થિક અને માળખાગત રોડમેપ બની રહેશે. |
| (5) | તા.18-11-2025 | મંગળવાર | સહકારી ઉદ્યોગ સાહસિકતા ધ્વારા યુવાનો, મહિલાઓ અને નબળા ક્ષેત્રો જેવાં કે, હસ્તકલા, હાથવણાટ, શ્રમ, મત્સ્યદ્યોગને સશકત બનાવવા. |
| (6) | તા.19-11-2025 | બુધવાર | પ્રવાસન, આરોગ્ય, ગ્રીન એનર્જી, પ્લેટફોર્મ કોપ્સ, કિચન કોપ્સ અને અન્ય કોઈપણ ઉભરતા સંભવિત ક્ષેત્રોમાં સહકારી સંસ્થાઓનું વિસ્તરણ કરવું. |
| (7) | તા.20-11-2025 | ગુરૂવાર | વૈશ્વિક હરિફાઈમાં નવીન સહકારી વ્યવસાયિક મોડેલો સ્થાપવા. |

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi
Owner : Gujarat State Co-operative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380 001
Published From : Gujarat State Co-operative Unino, 'SAHYOG', Relief Road, Ahmedbad-380 001
Printed at : Reliable Art Preintery (Ahmedabad) Pvt. Ltd., 301, 3rd Floor, Punit Plaza, B/h. Navgujarat College, Off. Ashram Road, Ahmedabad-380014. Gujarat